# : હળપતિઓ અને હાળીપ્રથા :

( દૂબળા અનુસૂચિત જનજાતિ વિષયક વિવિધ પાઠ્યસામગ્રી )

ડૉ. ઠાકોરભાઈ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪
૧૯૮૧

76

# : હળપતિઓ અને હાળીપ્રથા :

( દૂબળા અનુસૂચિત જનજાતિ વિષયક વિવિધ પાઠ્યસામગ્રી )

ડૉ. ઠાકોરભાઈ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪
૧૯૮૧

76

## અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ નંબર |
| --- | --- | --- |
| ૧ | દૂબળા : એક સાંસ્કૃતિક પરિચય - ૧ | ૧ |
| ૨ | દૂબળા : એક સાંસ્કૃતિક પરિચય - ૨ | ૫ |
| ૩ | ગરીબનાં દુ:ખસુખ | ૯ |
| ૪ | આદિવાસી ગુજરાતના મજૂર પ્રશ્નો | ૧૫ |
| ૫ | હરવાહી પ્રથા | ૧૯ |
| ૬ | સમાશ્રય અને શોષણ - ૧ | ૨૬ |
| ૭ | સમાશ્રય અને શોષણ - ૨ | ૩૧ |
| ૮ | સમાશ્રય અને શોષણ - ૩ | ૩૭ |
| ૯ | સમાશ્રય અને શોષણ - ૪ | ૪૩ |
| ૧૦ | સમાશ્રય અને શોષણ - ૫ | ૪૯ |


-- ------x---------

દુબળા :



## એક સાંસ્કૃતિક પરિચય - :

(ભૌતિક સંસ્કૃતિ અને જન્મ, લગ્ન, મૃત્યુના રિવાજો )

- ઠાકોરભાઈ નાયક

દૂબળાઓ અનુસૂચિત જનજાતિમાં ગણાય છે. તેઓ દક્ષિણ ગુજરાતમાં વસે છે. સુરત, વલસાડ અને ભરૂચ જિલ્લાઓમાં તેમની વસ્તી છે. ગુજરાતભરમાં તેમની વસ્તી આજે ૪ લાખથી ય વધુ હશે. એઓ બિનઆદિવાસીઓ સાથે જ રહે છે. મહાત્મા ગાંધીજી ૧૯૨૩માં એમને પ્રકાશમાં લાવ્યા. ત્યારથી એમના તરફ આપણું ધ્યાન દોરાયું છે. હવે એમને હળપતિ પણ કહેવામાં આવે છે. હળપતિ એટલે હળનો પતિ, જમીનનો ચાસ પાડનારો.

દૂબળાનો અર્થ નબળો કે માયકાંગલો થાય છે. (દૂબળાઓ આજે નબળા નથી, હોય તો માત્ર પોષણની ઊણપને લઈને જ.) કોઈ વળી દૂબળાનો અર્થ 'દુર્વલ' એટલે વાળવો મુશ્કેલ એવો જકડી, મજબૂત મનનો એમ કરે છે. નામ દૂબળા પણ એ લોકો પોતાનામાં રજપૂત લોહી હોવાનો દાવો કરે છે, અને એમનો પ્રાચીન રાઠોડો સાથે સંબંધ છે એમ કહે છે. પોતે પાવાગઢમાંથી ઊતરી આવ્યા છે એમ માને છે.

દૂબળાઓ છાપરામાં રહે છે. એની દીવાલ માટીની, છાજ ઘાસનું કે રાળનું (હવે ક્યાંક નળિયાંનું કે પતરાંનું પણ ખરું) આકાર લંબચોરસ, પણ રહેવાની જગ્યા ઘણી ઓછી, એક તપાસમાં માલૂમ પડ્યું હતું કે ૧૦.૫ % કુટુંબો ૭૫ ચોરસ ફુટ જગાવાળાં ઘરોમાં રહે છે. કોઈની પાસે ૨૦૦ ચોરસ ફુટથી વધુ આવાસી સ્થાન નથી. છાપરાં અંધારાવાળાં હોય છે, તેમાં હવાની આવજા માટે વ્યવસ્થા હોતી નથી.

ઘરવખરીમાં ખાટલા, ઘંટી અને માટીનાં વાસણો તથા એલ્યુમીનીયમનાં તપેલાં, થાળી, વાડકા હોય છે. સાદડીઓ, ખાંડણીઓ, દાતરડું, ગોફણ, વડા માટલાં વગેરે એમનો ઉપયોગી સરસામાન એમને ત્યાં મળે છે. પહેરવેશમાં પુરુષ ધોતીયું, બંડી પહેર છે અને માથે ટોપી કે ફાળીયું. સ્ત્રીઓ લુગડું (જેને કાછડો વાળીને પહેરવામાં આવે છે.) અને કાંચળી અથવા ચોળી. પગમાં પુરુષો જોડા પહેરતા થયા છે. સ્ત્રીઓ ચંપલ પહેર. પુરુષો ઘરેણાં ન પહેર, કોઈક કાનમાં કડી કે હાથે વીંટી પહેર. સ્ત્રીઓનાં ઘરેણાં અનેક : કાનની બુટમાં ચોકડી, ગળે કીડીઆંના હાર, કાંડે બંગડી, ચૂડી અને પગમાં કલ્લાં. છોકરાં ત્રણ ચાર વર્ષનાં થાય ત્યાર લંગોટી / ચડ્ડી પહેર.

ખોરાક : જુવારના રોટલા, દાળ અને ભાત એમનો મુખ્ય ખોરાક છે. ભડકું પણ રંધાય. બકરાં-સસલાંનું માંસ, મરઘી, ચકલી વગેરે પણ ખાય. ખાવાની ગુજરાતની બધી જ વાનગીઓ હવે તે બનાવતા થયા છે. ઘણિયામાને ઘેર પણ રાંધી નાખે, એવી સિદ્ધહસ્ત દુબળીઓ પણ જોઈ શકાય છે. છોકરાં ફળ પણ વીણે અને ખાય.

જન્મ, નામકરણ : પ્રથમવાર ગર્ભ રહે ત્યારે પાંચમે કે સાતમે મહિને જુવાન સ્ત્રીનો (એને સાસરે) ખોળો ભરવામાં આવે છે. સગર્ભા સ્ત્રીના ખોળામાં દોઢ શેર ઘઉં, સાત સોપારી, એક નાળિયેર વગેરે ભેટો ભરવામાં આવે છે. સીમંતિનીને નવી સાડી પણ અપાય છે. એનાં મા-બાપ પણ આવે છે અને વ્યવહાર કરે છે.

પ્રસૂતિ માટે દાયણને બોલાવવી જરૂરી ગણાય છે. દૂબળા સ્ત્રીઓ પણ દાયણનું કામ કરે છે. પ્રસવ પીડાકારક હોય તો પેટફોડી માતાની બાધા રાખવામાં આવે છે. બાળકની નાળ છાપરાંની પાછળ દાટવામાં આવે છે. ત્યાં જ નવમાં રોજ સ્નાન કરે છે. છઠ્ઠીના દિવસે વિધાતાની પૂજા થાય છે, સુવાવડી માતા બારમે દિવસે સ્નાન કરે છે. આડત્રીસ દિવસ સુધી સૂતક પાળવામાં આવે છે. પછી સૂતક સ્નાન કરે છે. ત્યાર બાદ તે રસોઈ કરી શકે છે.

નામ પાડવા બ્રાહ્મણને બોલાવાતો નથી. કુટુંબનાં માણસો જ -ખાસ કરીને બાળકની ફુઈ- નામ પસંદ કરે છે. જે વાર બાળક જન્મ્યું હોય તેના પરથી પણ નામ પડી શકે (સોમલો, બુધિયો વગેરે), બુરી અસર નિવારવા અનાકર્ષક નામ પણ પડાય (ભીખલી, ઉકડિયો વગેરે). હવે તો આશ્રમશાળામાં નવાં નવાં નામો અપાય છે. (અશોકકુમાર, લીલા વગેરે.)

બાળક ત્રણ-ચાર વર્ષનું થાય ત્યાર તેની બાબરી ઉતારવામાં આવે છે. મોટા થતાં સુધીમાં બાળકો સારી એવી સ્વતંત્રતાથી ઉછરે છે. છોકરો ૧૮ વર્ષનો અને છોકરી ૧૫-૧૬ વર્ષની થાય ત્યાર એ લગ્નલાયક ગણાય.

લગ્ન : લગ્ન લગભગ ફરજિયાત. 'દિહાઈ ને દૂબળો કંઈ કુવારા રેય હું ? એમ કહેવત છે. લગ્ન એમના પોતાના 'વીટા' (ગોળ કે એકડા) માં જ કરવાં પડે. વીટો એટલે અમુક ગામનો સમૂહ, જૂથ. છોકરા માટે કન્યા શોધવાનું કામ 'વસ્તારિયા' (-મધ્યસ્થી-) મારફતે થાય છે. છોકરાનો બનેવી, મામો, કન્યા શોધવામાં ખાસ પહેલ કરે છે. કન્યાવાળા છોકરાનું કુટુંબ જુએ, ધણિયામો જુએ, તે કામ કરે છે કે નહીં તે જુએ. તેનો સ્વભાવ પણ જુએ. કન્યામાં છોકરાવાળા કામઢાપણું જુએ. કંઈ નક્કી થાય તો છોકરાનાં મા-બાપ કન્યા જોવા તેને ઘેર જાય છે. અને થોડા દિવસ પછી છોકરો પણ જાય છે. છોકરો અને છોકરી આપસમાં પણ પરણવાનું નક્કી કરીને નાસી જાય છે. મા-બાપ પાછળથી સંમતિ આપીને લગ્ન કરે છે.

વિવાહની તારીખ નક્કી કરવાના દિવસે પહેલાં તાડી પીવાતી. (હવે ચા પીવાય છે.) આ દિવસને નાની તાડી કહેવાય છે. ત્યાં વસ્તારિયા કન્યાના બાપ પાસે ઔપચારિક રીતે હા પડાવે છે. કે હવે અમે (નક્કી થયેલ તથા ત્યાં આવેલ પક્ષવાળા) છોકરા સાથે કન્યા પરણાવીશું. ત્યાર પછી પંચ દહેજ નક્કી કરે છે. દહેજ એટલે છોકરા પક્ષે છોકરી પક્ષને આપવાની રોકડ રકમ તથા બીજી ચીજો, જેને સમાજશાસ્ત્રમાં કન્યાશુલ્ક, વધૂમૂલ્ય કહે છે. આની અર્ધી રકમ નાની તાડીને દિવસે આપી દેવાય છે. કપડાંલત્તાં કે ઘરેણાં મોટી તાડીને દિવસે અપાય છે. આ દિવસ નાની તાડી પછી છએક મહિને આવે. તે દિવસે છોકરાપક્ષને જમાડવામાં, ચા-પાણી કરાવવામાં આવે છે.

થોડા દિવસ પછી દાણ ભરવામાં આવે છે. તે દિવસે વરપક્ષ કન્યાને ત્યાં એક ગુણ (દાણ) ચોખા (દાણ) મોકલે છે. અને બાકીનું (અર્ધું) દહેજ આપી દેવાય છે. આ પ્રસંગે લગ્નની તિથિ પણ નક્કી થાય છે.

લગ્નનો મંડપ કન્યાને ઘેર લગ્નતિથિથી પાંચ દિવસ અગાઉ અને છોકરાને ઘેર ત્રણ દિવસ



અગાઉ બાંધવામાં આવે છે. મંડપ આઠ થાંભલાનો બને છે, તેને વાસડા વડે ઢાંકી દેવામાં આવે છે. વચ્ચે માટીની ચોરી બનાવવામાં આવે છે. ધરમપુરમાં ચોરીને બદલે માંડવાની વચમાં એક થાંભલી રોપવામાં આવે છે. તેને મૂરતે વરિયું કહે છે. મંડપ બંધાય તે દિવસ છોકરા-છોકરીને પીઠી ચોળવામાં આવે છે. પહેલાં ચોખા મૂકીને લગ્નમાં પધારવા પધારવા નિમંત્રણ અપાતું. હવે કંકોતરી લખાય છે.

જાન છોકરાની જાય છે. વર, ધોતીયું, ખમીસ, કોટ, ટોપી (અથવા ફેંટો) અને હાર પહેરે છે. હાથમાં ફૂલની કલગી અને નાળિયેર હોય છે. એને હાથે બે મીંઢળ બાંધવામાં આવે છે. એમાંથી એક કન્યાને લગ્નવિધિ પછી બાંધી દેવાય છે. પછી તૂર અને વાજાં, ગીત અને નાચ સાથે જાન જાય છે.

લગ્નને દિવસે કન્યાને ઘેર સાંતિક થાય છે. પછી કન્યાને સ્નાન કરાવી એના મામાએ આપેલાં કપડાં પહેરાવે છે. વર કન્યાને બારણે એના બનેવીના ખભે બેસીને આવે છે. ત્યાં કન્યા માતા (એટલે એની સાસુ) એનું સ્વાગત કરે છે. જાનનું પણ સ્વાગત થાય છે.

દૂબળાનો લગ્નવિધિ એમનો ગોર કરાવે છે. ગોરને ચોરીવાળો કહે છે. વર અને કન્યાને ચોરીની પાસે સામ સામા પાટલે બેસાડવામાં આવે છે. બન્નેની વચ્ચે અંતરપટ હોય છે. ચોરીવાળો વરે બાંધેલ મીંઢળોમાંનું એક કન્યાને બાંધે છે. અને ગંગા, ગોદાવરી, જમના વગેરે પવિત્ર નદીઓનાં તથા હિન્દુ દેવ-દેવીઓનાં નામ સાથે સાવધાન જેવો શબ્દો બોલે છે. ચોરીમાં અગ્નિ પ્રગટાવવામાં આવે છે.

ચોરીવાળો કન્યાની સાડીનો છેડો અને વરના ધોતીયાનો છેડો લઈ ગાંઠ વાળે છે. પછી કન્યા આગળ અને વર પાછળ એમ ચોરીમાં પ્રગટાવેલા અગ્નિની પ્રદક્ષિણા સાત વાર ફરે છે. પછી ભગત મંત્ર બોલે છે, ઢોલીઓ ઢોલ વગાડે છે અને લગ્ન પૂરાં થાય છે. પછી બધાં જમે છે.

જમણ બાદ કન્યાને સગાંવહાલાં ભેટ આપે છે, જેના ઉપર કન્યાનો હક્ક રહે છે. કન્યાને વળાવતી વખતે પણ ચાંલ્લાના રૂપિયા એનાં સગાંવહાલાં આપે છે. સાસરે જાય છે ત્યાર એનાં મા-બાપ એને શિખામણ આપે છે. ધરમપુરમાં પંચ સમક્ષ વરકન્યા એક બીજાને વફાદાર રહેવાના શપથ લે છે.

વર ઘર આવ્યા પછી ભરમદેવને પગે લાગવા નવદંપતી જાય છે. સાસરે બે ત્રણ દિવસ રહ્યા પછી એને વર જોડે પીયર તેડી જવામાં આવે છે. ત્યાં અઠવાડિયુએક રહ્યા પછી વર કન્યા વર ઘરે પાછાં આવે છે. પછી મંડપ સફાઈ કરાય છે અને સામાન્ય જીવન શરૂ થાય છે.

દૂબળાઓમાં છૂટાછેડા આપી શકાય છે. ફરિયાદી પુરૂષ હોય કે સ્ત્રી દરેક પ્રકરણ પંચ સમક્ષ લઈ જવું પડે છે. કિસ્સાઓનો ઝીણવટથી અભ્યાસ કર્યા પછી ફારગતી અપાય છે. છૂટાછેડા લીધેલ સ્ત્રી કે પુરૂષ ફરીથી પરણી શકે છે. વિધવાનું પુનર્લગ્ન થાય છે. દિયરવટાનો પણ ચાલ છે.

મૃત્યુ :

માણસ મરે કે બધાં રોવા માંડે છે. કેટલાંક મોટેરાંઓ તેમને છાનાં રાખે છે. ત્યારે બીજાઓ સ્મશાનયાત્રાની તૈયારીમાં પડે છે. નજીકનાં ગામોમાં રહેતાં સગાંઓને બોલાવવામાં આવે છે. તેઓ આવે નહીં ત્યાં સુધી મૃતદેહને ખસેડતા નથી. જો કે બીજા દિવસ સુધી મુડદું રાખી મૂકવાનો રિવાજ નથી. મુડદાને નવડાવીને પીઠી ચોળવામાં આવે છે અને મૃત વ્યક્તિ પુરુષ હોય તો સફેદ અને સ્ત્રી હોય તો લાલ કપડું ઓઢાડાય છે.

મૃતદેહને ઠાઠડી ઉપર મૂકીને લઈ જવામાં આવે છે. મુખ્ય ડાઘુ મરનારનો સૌથી નાનો દીકરો બને છે. તેના હાથમાં હાંલ્લી હોય છે. જેમાં દેવતા રાખવામાં આવે છે. આનાથી મૃતદેહની ચિતા સળગાવાય છે. મડદાનું માથું દક્ષિણ તરફ રાખીને સ્મશાનયાત્રા નીકળે છે. અડધે રસ્તે વિસામો આવે છે ત્યાં પાણી ભરેલો ઘડો ફોડાય છે. સ્ત્રીઓ સ્મશાનયાત્રામાં ભાગ નથી લેતી, માત્ર વિસામા સુધી જાય છે. સ્ત્રીનો પતિ મરી જાય ત્યારે સ્મશાનયાત્રામાંથી પાછાં ફર્યા બાદ તેનાં સૌભાગ્ય ચિહ્નો ઉતારી લેવામાં આવે છે. દૂબળાઓ મૃતદેહને બાળે છે. કેટલાક દાટે પણ છે. છતાં ય દાટેલા પુરુષનું નાનકડું પ્રતીક જેવું પૂતળું બનાવી તેને મરણોત્તર અગિયારમે દિવસે બાળવામાં આવે છે. દૂબળાઓ હિન્દુઓની પેઠે સૂતક પાળે છે.

એવું લાગે કે મૃતાત્મા અસંતુષ્ટ રહી ગયો છે તો તેનો ખતરી બેસાડવામાં આવે છે. ખતરી એટલે લાકડાનું નાનું પૂતળું. અપરિણીત યુવાનના ખતરીને બીજા ખતરી સાથે પરણાવવામાં પણ આવે છે. એમને ઘાટ-ઘુમ્મટ ચઢાવવામાં આવે છે.

તાજેતરમાં મરણ પામેલા કુટુંબીજનોનું સામુહિક શ્રાદ્ધ કરવામાં આવે છે. તેને પરજણ અથવા મોટો દહાડો કહેવાય છે. આ વખતે બધાં સગાં વહાલાં એકઠાં થાય છે. આ કામ માટે ભગતને બોલાવવાનો હોય છે. જેટલા મૃતાત્માઓ હોય તેટલી ચોખાની ઢગલીઓ કરી તેના ઉપર પૈસો અને સોપારી મૂકે છે અને તેમની ઉપર નાળચાવાળા માટીના વાસણમાંથી થોડું થોડું પાણી ટપકતું રખાય છે. ભગત વાજાંવાળાને અને ગાંગલી નામના વાજિંત્ર વગાડનારને ગીત વાદનમાં ઉદ્યત કરે છે. પછી એની માતા આવે છે અને એ દરેક મૃતાત્માનું નામ લઈ ધૂણે છે. સાટકો થોડી થોડી વાર ઝૂડે છે. બધાં મૃતજનોનાં નામ આવી જાય ત્યાં સુધી (લગભગ સવાર સુધી) આ કામ ચાલે છે. પછી બધાં રસોઈ કરી જમે છે. અને બપોરના સમયે સૌ વિખરાય છે.[1]

...

1 શ્રી પી. જી. શાહના પુસ્તક 'ગુજરાતના દૂબળાઓ' (અમદાવાદ ૧૯૬૬) પર મુખ્યત્વે આધારિત.



## દૂબળા :

### એક સાંસ્કૃતિક પરિચય - ૨

(સમાજવ્યવસ્થા, ધાર્મિક માન્યતાઓ અને તહેવારો)

- ઠાકોરભાઈ નાયક

પેટા વિભાગો :

૧૯૨૦ માં એન્થોવને દૂબળા જાતિના વીસ પેટા વિભાગો ગણાવ્યા હતા. તે પૈકી બે-ક પ્રકારને બાદ કરતાં બીજાઓ પરસ્પર રોટીવ્યવહાર રાખતા નહીં. આ પેટા વિભાગનાં નામો આ પ્રમાણે છે : બાવા, વલસાડિયા, બારડિયા, ચોરિયા, દમણી, હારડિયા, ઈસરિયા, ખારચા, ખોડિયા (કે પ્રાકિયા), માંડવિયા, નરડા, ઓલપાડિયા, રાઠોડિયા, સરાવિયા, શિપરિયા, તલાવિયા, ઉમરિયા, ઉમરિયા, વસાવા (કે વસાવડા) અને વહોરા. ડૉ. નાનાપુરકરે બીજાં પાંચ નામો આપ્યાં હતાં : ગાંગડિયા, કન્હારિયા, ઠાકોરા, થાળીગોરિયા અને વિટોળિયા. એમના મતે ત્રણ વિભાગો જ મહત્વના છે : તલાવિયા, વહોરિયા અને ખારચા.

એમનામાં કણબી, કોળી, ધોડિયા ચૌધરી અને કાઠિયા જાતિના કેટલાક માણસોને એમણે પોતાનામાં સમાવી લીધા છે એમ કહેવાય છે. રાઠોડ રજપૂતો સાથ પણ પોતાનો સંબંધ એઓ બતાવે છે. કેટલાક દૂબળા પારસી અને મુસલમાન જમીનમાલિકોને ત્યાં હાળી તરીકે રહ્યા હોઈ તેમને વટોળિયા (વટલાયેલા) કહેવામાં આવે છે.

વ્યવસાયી જૂથો :

એક તપાસમાં દૂબળાઓમાં નીચે પ્રમાણે વ્યવસાયી જૂથો માલૂમ પડયાં છે. (૧) જમીન માલિકો (૨) ગણોતિયા (૩) હાળી પદ્ધતિના મજૂરો (૪) છૂટક ખેતમજૂરો (૫) બીજા ખેડૂત મજૂરો, (૬) કારીગરો (૭) કારખાનાના મજૂરો અને (૮) અન્ય કામદારો. આમાં હાળી પદ્ધતિના મજૂરો પહેલાં ઘણી મોટી સંખ્યામાં હતા. આ પ્રથાએ દૂબળાઓની આખી સમાજવ્યવસ્થા ઉપર, એમના જીવન ઉપર અને સંસ્કાર ઉપર ગંભીર અસર પહોંચાડી છે. (બ્રેમનનું પુસ્તક આ પ્રથા ઉપર જ લખાયેલું છે.)

કુટુંબ :

દૂબળાઓ સંયુક્ત કુટુંબને મહત્વ આપતા નથી. કુટુંબનો પ્રકાર 'પ્રાથમિક કુટુંબ'નો હોય છે. તેમાં 'અહમ્', તેની પત્ની અને બાળકોનો સમાવેશ થાય છે. છોકરો પરણે એટલે માબાપથી જુદો રહે છે. પરણેલું યુગલ સ્વતંત્ર ગણાય છે. એક જ ઝૂંપડીમાં રહેવા છતાં જુદું રાંધી ખાય છે. તેની કમાણી, તેનું દેવું અને તેનો ચૂલો અલગ હોય છે.

ઉપર જણાવેલ સદસ્યો ઉપરાંત પણ દૂબળા પરિવારમાં અનેક સગાંવહાલાં રહેતાં જોવામાં આવે છે. તે મુજબ પરિવારની સંરચના પરિવર્તિત પણ થાય. કેટલીકવાર અહમ્, તેની પત્ની અથવા તે એકલો (વિધૂર હોય તો) અથવા પત્ની-એકલી (વિધવા હોય તો) અને તેની સાથે તેની

દીકરી/દીકરીઓ, દીકરીનો/ઓના વર અને તેમનાં છોકરાં રહેતાં હોય કે બહેન/બહેનો તેના/તેમના વર તથા છોકરાં રહેતાં હોય. આવા કુટુંબમાં જ પુરુષો રહેતા હોય તેઓ ભેગા મળી વરખર્ચનો ભાર ઉઠાવે છે. કેટલીકવાર વરજમાઇ (ખંધાડીઓ) પણ કુટુંબના સભ્ય તરીકે જોવામાં આવે છે.

પંચ :

એમનું પંચ પણ અગત્યની સામાજિક સંસ્થા છે. (અહીં આપણે કાયદાથી રચાયેલ પંચાયતની વાત કરતા નથી.) દૂબળાનું પંચ ગામ માટે કે એક ફળિયા માટે હોય છે. તે દૂબળાઓના રોજિંદા જીવનનું નિયમન કરે છે. બીજું પંચ આખા જિલ્લાનું હોય છે. તેમાં આખા જિલ્લાના દૂબળાઓનું પ્રતિનિધિત્વ હોય છે. તે સંબંધિત દૂબળાઓના જીવનનું નિયમન કરે છે. ગ્રામપંચ એમના અંદર અંદરના પ્રશ્નોના તથા ઝઘડાઓનો નિકાલ કરે છે. એ સામાજિક ઉત્સવોનું પણ નિયમન કરે છે. આ પંચ ગામ / ફળિયાના વડીલોનું બનેલું હોય છે. ઝઘડાઓના નિકાલ માટે બંને પક્ષોની હકીકત સાંભળવામાં આવે છે. તેની પૂરેપૂરી ચર્ચાઓ પણ થાય છે. ગુનેગારને દંડ થાય છે. એમાંથી ફરિયાદીને નુકસાની ચૂકવાય તથા પંચને ઉજાણી માટે કંઇક અપાય. ક્યાંક ફળિયા / ગ્રામપંચ શ્રાવણ માસમાં હવન પણ કરાવે છે. એની પાસે લગ્ન-મરણ પ્રસંગે ભોજન માટે વપરાતાં વાસણો, લાઇટો પણ હોય છે.

પટેલ :

દૂબળાઓનો મુખી પટેલ કહેવાય છે. ઉંમર, અનુભવ, લાગવગ અને વ્યક્તિનો દરજ્જો : મુખીની પસંદગીમાં આ બધાં ધ્યાનમાં લેવાય છે. એને ઘણું માન આપવામાં આવે છે. લગ્નની વિગતો નક્કી કરવામાં પણ એની સલાહ લેવાય છે. કૌટુંબિક ઝઘડાઓમાં પણ એનો અવાજ સર્વોપરિ ગણાય છે.

પંચ પાસે પરજાતિ સ્ત્રી ગમન, મારામારી, ફારગતી વગેરે પ્રશ્નો આવે છે. અવલદાર સંબંધિત પક્ષોને બોલાવી પંચ સમક્ષ હાજર કરે છે. જે નિર્ણયો થાય છે તેની લિખિત નોંધ રખાય છે. છૂટાછેડાના નિર્ણયો અંગે એક દસ્તાવેજ કરવામાં આવે છે. તેને ફારગતીનામું કહે છે. આવાં ફારગતીનામાં એક ફાઇલમાં પંચનો પટેલ સાચવી રાખે છે.

દૂબળાઓ પોતાની શૈક્ષણિક, સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારવા અને પોતાના રીતરિવાજોને સંગઠિત કરવા ઘણાં ગામોનું એક પંચ રચે છે. તેને બાર ગામનો ચોરો કહે છે. તાલુકા કે જિલ્લા મંડળો આ બાર ગામના ચોરાનું સુધારેલું રૂપ છે. દૂબળાઓ આધુનિકતા અપનાવી રહ્યા છે. સમાજના રીતરિવાજોમાં એમણે ઘણા સુધારા દાખલ કર્યા છે.

દૂબળાઓની ધાર્મિક માન્યતાઓ :

એમનો સૌથી અગત્યનો દેવ ભરમદેવ છે. બધા દૂબળા એને માન આપે છે. રોગચાળો ફાટી નીકળે ત્યારે એનું આવાહન કરવામાં આવે છે. એની સ્થાપના કરી મરઘાં / બકરાંઓનો ભોગ અપાય છે. ભરમદેવની મૂર્તિ માટીની બનાવવામાં આવે છે. તે આશરે બે ફૂટ ઊંચી, નળાકાર અને ચપટી હોય છે. મથાળું બંધ હોય છે. મધ્યમાં ચાર કાણાં હોય છે. એક નાનકડી, ખાસ બનાવેલી ઝૂંપડીમાં એને મૂકવામાં આવે છે.



બળિયા કાકા બળિયા, ઓરી અને એવા પ્રકારનાં ફોલ્લાવાળાં દરદોનો દેવ છે. એ શુદ્ધ દેવ હોઇ એને પશુબલિ ચઢતો નથી. અગાહી માતા આકાશમાં બધે ફરતી રહે છે. ઘર બહાર રમતાં બાળકોને એની ઝાપટ લાગી જાય તો તે માંદાં પડે છે. માંદગીમાં આ માતાની બાધા રાખવામાં આવે છે. દેવીને સાડી, ચાટલુંમ્મટ વગેરે ચઢાવાય છે. પેટફોડી માતા કષ્ટકારક પ્રસૂતિમાંથી ઉગારે છે. ખોખલી માતા ઉધરસ ઉત્પન્ન કરનાર, મટાડનાર અને અટકાવનાર દેવી છે. એની પણ બાધા રાખવામાં આવે છે. કોલેરા જેવા ચેપી રોગની અધિષ્ઠાત્રી દેવી મરી માતા કે મરીદેવી છે. જ્યારે ગામમાં મરકીની દહેશત ફેલાય ત્યારે ગામના લોકો આ દેવીને મરઘડો કે બકરો ચઢાવવાની બાધા રાખે છે. દેવીનું પૂતળું બનાવી એક ગામથી બીજે ગામ ફેરવી દરેક જગ્યાએથી માન અપાવી, છેલ્લે ગામે બાળી મૂકાય છે.

વેરાઇ માતા બધાં દુઃખો હરે છે. સામાન્ય રીતે મેલડીની સાથે એની આરાધના કરવામાં આવે છે. કેટલીકવાર ભવાનીને પણ એ એની સાથે જોડે છે. વેરિયા (ઘેરમાં નાચનારા) પણ આ ત્રણેની પૂજા કરે છે. દેવલી માડીમાં વાલોડ અને વ્યારા તાલુકાના દૂબળાઓ અને અન્ય આદિવાસીઓ ખૂબ શ્રદ્ધા રાખે છે. મુશ્કેલીમાં કે લગ્ન જેવા શુભ પ્રસંગે આ માતાની બાધા રખાય છે. કંસારી દેવી એ અનાજની, કણની દેવી છે. લણણીની મોસમ પહેલાં એની પૂજા કરવામાં આવે છે.

દૂબળાઓ ભૂત, ચૂડેલ અથવા વેંતરી અને ડાકણમાં માને છે. એમનાથી થયેલાં દર્દોમાંથી બચવા તેઓ ભગતને બોલાવે છે. ભગત દરદીને માથે ઉતારેલા દાણા જુએ છે. પછી શું કરવું તે નક્કી કરે છે. સામાન્ય રીતે થોડાક દાણા મંતરી આપે છે જે દરદીને કમરે બાંધવાના કહે છે. જે દેવીનો કોપ હોય તેને અનુરૂપ ચઢાવો કરવા પણ એ સૂચના આપે છે. એ વનસ્પતિની દવા પણ આપે છે. કેટલાક ભગતો સાપ અને વીંછી પણ ઉતારે છે.

તહેવારો :

દૂબળાઓનો સૌથી મોટો તહેવાર દિવાસો છે. તે ચોમાસાની મધ્યમાં (અષાઢ વદ અમાસે) આવે છે. તે દિવસે ઢીંગલા ઢીંગલીનાં લગ્ન લેવાય છે, જેમાં માત્ર કુંવારી કન્યાઓ જ ભાગ લે છે. પુરુષો-સ્ત્રીઓ પ્રેક્ષકો તરીકે આવે છે. ગામનાં બધાં દૂબળા કુટુંબો આ ઉત્સવ સાથે ઉજવે છે. સૌથી મોટી ઢીંગલી બનાવી હોય તે ઘરે બધી ઢીંગલીઓનાં લગ્ન ઉજવાય છે. લગ્નમાં સાચાં લગ્ન જેવું જ બધું કરવામાં આવે છે. લગ્ન પતી ગયા પછી રાત્રે છોકરીઓ વાળું કરી ગીતો ગાય છે. બધી ઢીંગલીઓને પછી એક તૂમડીમાં મૂકી નદીમાં પધરાવવામાં આવે છે. ત્યારનું એક ગીત છે :

નદી તારી માસી રે, ઢીંગલી
દરિયો તારો દાદો રે, ઢીંગલી
દરિયાકાંઠે જાજે રે, ઢીંગલી
દરિયાને દાદો કહેજે રે, ઢીંગલી.

મોટા ઢીંગલાને ઢીંગદેવ કહેવાય. તેની પાંચ વર્ષ બરાબર સેવા કરાય તો તેવી સેવિકાને સારો વર મળે એમ મનાય છે.

શીતળા સાતમને દિવસે દૂબળા ઉપવાસ કરે છે. ઘરમાં ચૂલો સળગાવતા નથી. સાંજે સ્ત્રીઓ ગરબા ગાય છે. નવરાત્રિમાં માતાની પૂજા કરવા 'ઘેર' બાંધે છે, જેમાં યુવાનો નાચે અને સુંદર ગીતો ગાય. દિવાળીમાં ધણિયામાને ત્યાંથી સારું ખાવાનું મળતું, હવે મુક્ત થયા પછી ફટાકડા ફોડે તથા દીવા પણ સળગાવે. આ દિવસોમાં જાત્રા ભરાતી હોય ત્યાં પણ હોંશેહોંશે સહકુટુંબ જાય. હોળીમાં ગામ ભેગા, હોળી સળગાવી હોય ત્યાં જોવા, પગે લાગવા જાય છે. દૂબળા સ્ત્રીઓ હોળીનાં ગીતો ગાઇ ધણિયામાને ત્યાંથી બક્ષિસ માગતી. ( તેને હોળીનો ફગવો કહેતા. ) જો કે બક્ષિસ મેળવવાના પ્રસંગો ઓછા થતા જાય છે.[૧]

: : :

૧ શ્રી પી. જી. શાહના પુસ્તક ગુજરાતના દૂબળાઓ (અમદાવાદ ૧૯૬૬ ) પર મુખ્યત્વે આધારિત.

....



ગરીબનાં દુ:ખસુખ

( ગુજરાતના આદિવાસી દૂબળાઓ ઉપર એક દૃષ્ટિ )

ઠાકોરલાલ બાણાભાઇ નાયક

પ્રજા :-

આંખ જેને જોતી નથી તેને હૃદય માનતું નથી, એમ આલ્ડુસ હક્સલી કહે છે તે ખરું લાગે છે. એ સમજવાને માટે અને માનવાને માટે ભગવાન બુદ્ધની સંવેદનશીલતાની ચરમસીમાએ પહોંચવું પડે. દુનિયાના દુ:ખો જોઇને કેટલાકને કશુંક કરવાનું મન થયું છે? જીવવું અને મત આપવો : આ સિવાય બીજી વસ્તુ માટે આપણને ફુરસદ જ નથી. આથી પારકાને માટે આપણે વખત જ ન કાઢી શકીએ એ બનવા જોગ પરંતુ અમુક વર્ગે તો એ ફરિયાદો એ કાકલૂદીઓ સાંભળવી જ પડશે. તો આવો, જરા હું ય ગુજરાતની એક આદિમ પ્રજાનાં દુ:ખો ગણાવું. પછીથી એમની સુખની ક્ષણો ય ગણાવીશ.

દુ:ખ :-

દૂબળાઓ નામ પ્રમાણે દૂબળા કે નબળા નથી. શરીરનો બાંધો આમ તો મજાનો. રંગ કાળાશ પડતો છે, નાક ઉચ્ચવર્ણો કરતાં પરખાય આવે એટલાં પહોળા અને ઊંચાઇ સામાન્યત: ૫' ૪" જેટલી હશે. એમની મુખ્ય વસ્તી સુરત,વલસાડ અને ભરુચ જિલ્લાઓમાં છે. ગુજરાત રાજ્યમાં એમની વસ્તી અત્યારે લગભગ ચાર લાખથી ઉપર થઇ ગઇ હશે. ભરુચ, પંચમહાલ, થાણા અને પશ્ચિમ ખાનદેશમાં પણ તેઓ જઇ પહોંચ્યા છે.

આદિવાસી પ્રજાઓમાં જે કેટલીક ગુલામ હતી, તેમાંની આ મુખ્ય ગણાય. વિજિગીષુ પ્રજાનું ધાડું ગુજરાતમાં આવ્યું હશે ત્યારે ગુજરાતની શાંત ભોમકાને ખેડી ખાનારા આ લોકોને એમણે પોતાથી નબળા જોઇ એમને દૂબળા કહ્યા, અને પોતાના ગુલામ બનાવી દીધા. દરેક દરેક કામ કરવાને માલિકને ગુલામ મળ્યો. હંમેશા બનતું આવે છે તેમ ઊજળી ચામડી રાજ કરવા લાગી. આ ગુલામીની પ્રથા થોડા વર્ષ પૂર્વે કાયમ હતી. દૂબળો એક વિષ-વર્તુળનો ભોગ થઇ બેઠેલ : ગરીબ એટલે ગુલામ રહે, અને ગુલામ એટલે ગરીબ રહે ! એટલે કારણ કોને કહેવું એ સૂઝતું નથી છતાં ય શરુઆત કરીએ તો કહેવાય કે એને પરણાવવામાં દેજ તરીકે આપવા માટે તથા અન્ય પરચુરણ ખરચ માટે દોઢસો બસો રુપીયાનો જે ખરચ થાય તે એ પૈસાદાર પાસે લેતો. ( આ પૈસાદાર ઘણેભાગે અનાવિલ ખેડૂત હોય અને હજીય ધણિયામા કહેવાય છે. ) આના બદલામાં એણે આખી જિંદગી આ ધિરનારને ત્યાં ગુલામ તરીકે રહેવું પડતું. તેની ગાળ, તેનાં ખાસડાં, અને તેના કામનો ગજા ઉપરાંતનો બોજો એને સહેવાં પડતાં. એમાંથી છૂટતો જ નહીં. ભાગ્યજોગે એ ભાગી ગયો તો એની પાછળ એનો ધણિયામો જતો અને આભમાંથી પકડી આણતો, મારતો મારતો સ્તો. માત્ર મરે ત્યારે જ આરામ પામતો. એનું દેવું બાકી હોય તો છોકરાને ગુલામ બનવું પડતું. વળી આ છોકરાને પણ પરણાવી આપતો એના બાપનો ધણિયામો જ. ઉપકારવશ થયેલો ગુલામ બને : અને આમ ચક્રનેમિક્રમે જિંદગી ચાલ્યા કરતી. સ્ત્રી પણ ધણિયામાને ઘેર લોંડી તરીકે જ જાય: લાખલાખ કામ કર્યાં પછી પામતી હશે ધણિયામી પાસેથી એક બે રોટલા, એકાદ હાસ્ય અને પતિ પાસેથી કવિ કેદણી કહે છે તેમ દર ઉનાળે એક છોકરું. જન્મીને સુખ ન જુએ તે આવાં જનમદુખિયાં. આ પ્રથાને હાળી પદ્ધતિ કહે છે.

....૨..

બચપણ વીતી જાય સીમખેતરોમાં અથવા મા પાસે ; પંદર સોળ વર્ષનાં થાય એટલે તો પરણે. ત્યારથી કામ અપરંપાર હોય. આથી આ જીવનમાં શિક્ષણને અવકાશ જ ક્યાંથી હોય? બાળક ધણિયામાના ઢોર ચારી લાવી રોટલો કમાતું હોય અથવા બાવળઆમલી ઉપરની ચકલી મારી ખાઇ પેટ ભરતું હોય ત્યાં તેની વખતે અને લીધા પછી ય ભૂખે મારતું આપણું અક્ષરજ્ઞાન શું કામ આવે? ગુજરાત રાજયની વસ્તીગણતરીમાં ભણેલાની સંખ્યા એમની હજારે દશથી વધુ નથી બતાવી . ભૂખના દુ:ખમાંથી ઊગરવાનો કોઇ રસ્તો નથી એટલે એઓ અભણ રહે છે.

આ પ્રજાનું ત્રીજું અને મોટું દુ:ખ એમનો જન્મ-દર (વધુ પડતો છે એ) છે. જાણે સમાજનો અચળ નિયમ જ થઇ પડયો છે કે દસાઇ અને દુબળો કુંવારા રહેતા જ નથી. એટલે એ રીતે સંતાનોત્પત્તિ ઉપર તો કોઇ રુકાવટ રહેતી જ નથી. વિજ્ઞાનદષ્ટિનાં રુકાવટ-સાધનો એમને માલૂમ નથી એટલે એ ય ન[illegible] એ પ્રશ્ન નૈતિક હો યા ન હો, પણ સ્થળસમયની પરિસીમામાં પ્રજા વધારે પડતી હોય છે એ નકારાય એવી વાત નથી. આજે એ પ્રજાની કોઇ આર્થિક સ્થિતિ જ નથી. આથી એમનામાં બે હાથ સાથે લઇ આવેલું એક મોં પણ વધારે ગણાય. એ બધાને કેવી રીતે નિભાવાશે? ( આ હિંદુસ્તાનને પણ સામાન્યત: લાગુ પડે છે. ) ૧૮૯૧ માં એમની વસ્તી હતી ૧૨૦,૨૬૫ ૧૯૪૧માં થઇ ૨૦૦,૯૮૮, ૧૯૮૧માં થશે સાઠ લાખથી વધુ ! ... આ પ્રશ્ન જરા મૂંઝવે એવો તો છે જ.

વધારે પડતાં બાળકો હોય એટલે સાધારણ રીતે જ દરેકને ગરીબ ઘરમાં ખાવાનું પૂરતું ન મળે, પહેરવા ઓઢવાનાં કપડાં ન મળે, કેટલાં ય દરદનાં માર્યાં મરી જાય, એમના- માંના જે બાકી હોય તેની આરોગ્યતા ઉપર ધ્યાન ન અપાય. નાકમાં લીંટવાળાં, વગર ચોળેલાં માથાવાળાં, એક પૂરી ચીંથરેહાલ થયેલી ફાટેલી લંગોટીવાળાં, અને ઊઘાડા શરીર ઉપર મેલના થરવાળાં આ છોકરાંઓ જોઇને ગમે તેવા માનવતાવાદી કવિને પણ થઇ જાય કે 'લઘુ લઘુનિ શિશુનિ' પણ ઘણી વખત દેવત્વનો અંશ હોવાને બદલે સામાજિક કુરુપ બની જાય છે.

ગરીબીને લઇને અથવા બીજાં કોઇપણ કારણસર એમનામાં કેટલીક વખત ગુનાખોર તત્વ માલમ પડી આવે છે. તેઓ ચોરી કરે છે, કેટલીક વખત. ધાડો પણ પાડે છે અને ક્યાંક ખૂનના કિસ્સા પણ એમને હાથે બની જાય છે. લૂંટ-માર-ચોરીના પૂરા આંકડા મળી શકે તો આ બાબત ઉપર ઘણો સારો પ્રકાશ પડે; એ નથી ત્યાં સુધી જાતઅનુભવ- ની વાત કરવી સુલભ: જલાલપોર તાલુકામાં અમુકઅમુક વખતે દુબળાઓથી થતી ચોરીઓ લોકોને ઘણી મૂંઝવી રહે છે. એવા કેટલાક પકડાયેલાને પણ આ લખનારે જોયા છે.

આ બધામાં પાછા એમના વહેમો, એમની કુટેવો અને એમની મૂર્ખાઇ આવી મળે. પાંત્રીસ વર્ષ પહેલાં મેં લખ્યું હતું : હજારે/ એક જ દુબળો એવો મળી આવે જે તાડી ન પીતો હોય. તાડી એનો મહા જબ્બર મિત્ર છે. ઘરે ખાવાનું ન હોય પણ પાંચશેર દશશેર તાડી એ પીશેજ. કદાચ એનાથી એ પોતાનું દુ:ખ ભૂલતો હશે અને કામ કરવાને ક્ષણભર શકિતમાન થતો હશે પણ આ મદ્યથી તો 'કામન્દકીયનીતિસાર' કહે છે તેમ ' એનાથી લાગતા લોકો જેમ સસ્ફુલિંગ અગ્નિથી ' વળી આ મદ્યપીઓનાં જીવન ટૂંકાં થઇ જાય છે. દુબળાઓમાં ડોસા ઓછા જોવામાં આવે છે ! આનું કારણ એમનું વહેલું થતું

...3.





મૃત્યુ જ હશે. આ વાત આજે પણ ખરી છે. તાડી તો નથી મળતી ; હાથે ગાળેલો દારુ ચાલે !

વહેમો પણ જાતજાતના, ગમે તેવો ૬ ફુટ ઊંચો દુબળો રાતે બહાર નીકળતાં ગભરાય. ભૂતડાકણ, મામાદેવ વગર જયાં અંધારું ત્યાં દેખાય. રોગો થાય તે પણ કોઇ દેવની અકૃપાને લઇને, અને તે બાધા આપવાથી સાજો થાય. જંતરમંતર, ધૂણવું ઊછળવું, ભુવાબાવા, બાધાઆખડી: આ સૌમાં એ લોકો સારી રીતે માને. આ બધાને લઇને વિજ્ઞાનનો એમનામાં પ્રચાર કરવો ઘણો ય મુશ્કેલ થઇ પડે.

" પ્રજા ઘણાં ય વર્ષોથી ગુલામી થઇ રહેલ એટલે એણે પોતે કામ કરવાની અથવા રસ્તો શોધી કાઢવાની અગ્રબુધ્ધિ, -ઇનીશીએટીવ-ખોઇ છે. એ કાલિદાસીય મૂઢની પેઠ પરપ્રત્યયનેયબુધ્ધિ બની બેઠી છે. દરેક વખતે એને કહેવું જ પડે કે આમ કરજે, અહીં રહીને જજે. કંઇ કરવાનું ન કહ્યું તો ઘણભાગે ન જ કરે. આથીએ આપણને મૂરખ લાગે તો નવાઇ નહીં. એની આંખમાં બીજી નૂર નથી અને ગામઠી ચબરાકી નથી. " આ વાત જે ત્રણ દાયકા પહેલાં લખાઇ હતી તેમાં હવે થોડો ફેરફાર આવતો જાય છે.

સુખ :-

પ્રજાને દુ:ખ જ હોય તો તે આટલો લાંબો વખત અને આટલા પ્રમાણમાં જીવી જ ન શકે. એકાન્તિક દુ:ખ વ્યકિતની પેઠે સમાજને પણ આપઘાત કરવા પ્રેરે છે. આ પ્રજાને પણ કેટલાંક સુખો, કેટલાંક આનંદ-સાધનો અને કેટલીક દુ:ખની રાતમાં બીજની ચંદ્રકલા જેવી ઊજળી નાઠાબારીઓ છે.

દુબળા સ્ત્રીઓને કદી જોઇ છે? જોઇ હોત તો તમે પણ ઝવેરચંદભાઇની પેઠે ગાયું હોત:

આષાઢી મેઘ અને થોડી શી વીજળી
લઇને બેઠલ હશે બ્રહ્મા,
ભૂલકણા દેવ ! તમે પાંખીડું વીસર્યા
ઘડી કેમ માનવની કન્યા.

સ્ત્રી પુરુષ તંદુરસ્ત, સ્ત્રીનામાં આવી કુદરતી ખૂબસૂરતી : એનામાં નજાકત ન હશે પણ એના અપૂરતા પહેરવેશમાં આખને કસીકસીને બાંધી જવાની શકિત છે. ધૂમકેતુના કોઇ પાત્રની પેઠે એ ગાતાં ગાતાં કામ કરે છે અને કામ કરતાં કરતાં ગાય છે. એ પોતાના જીવનની આખરી સ્થિતિ ભૂલી જાય છે, અને કામમાં જ નિર્વાણ માને છે. થાકયાપાકયાં સૂઇ જાય અને પ્રામાણિક ઊંઘનો આનંદ મેળવે. આલાં મકસદો ન ધરાવનારને આનાથી વધાર સુખ કયું જોઇએ ?અગર ફિરદુસ બરરુએ જમીનસ્ત....

હોળી ઉપર, દિવાળી ઉપર અને લગ્નમાં તેઓ ખૂબ નાચે છે. એ નાચ ચોમાસાની નદીની પેઠ વેગીલા અને જવાંમર્દીની પેઠ બાધાબંધનને ન માનનારા હોય છે. ઢોલ અને થાળીના ઢમકાર સાથે તેઓ લો ઇચાળો, ઈંડાચાળો અને મરઘીચાળો નામના નાચો નાચે છે. પશ્ચિમ ખાનદેશના કેટલાક દુબળાઓનો પીરામીડ નાચ-નીચે માણસો નાચે અને બીજા એમને ખભે ઊભા રહી એમના તાલમાં તાલ પૂરાવી રહે છે- જોવાનું ભાગ્ય પણ મને પ્રાપ્ત થયું હતું. સ્ત્રીઓ પણ નાચવામાં એટલી જ પ્રવીણ. છોકરાઓ પણ પોતાનું નાનકડું મંડળ બનાવીને નાચતાં દેખાયાં જ કરે.

એમની ' ઘેર ' એ પ્રથમપંકિતમાં આવે એવું લોકનૃત્ય છે. એ કોળીઓમાં અને વારલી- ઓમાં પણ છે. તે વખતનો એમનો લપકીલો વેશ, કેડ બાંધેલા ઘુઘરાઓનો ઘમઘમ અવાજ, રાષ્ટરંગી

- : ૪ : -

મોરપીછની મોટી પીંછીઓ અને દાંડિયારાસ તો ખરેખર જોવા જેવાં હોય છે. જાતજાતનાં નાચકદમો એ વખતે તેઓ કાઢે છે : અને ખૂબ ઉત્સાહી ઉદ્દંડ પણ હોય છે. છતાં ય લોકમર્યાદા તો રાખવી જ પડે. તેથીજ એમના પવાડામાં આવે છે ને ?

X હમરક ઘેરીઆ જોઇને
નાજે માર કોઇને.
હા રે હા ભાઇ.

એ વખતે એઓ પવાડા, ઝેરીઆં અને ગરબા ગાય છે, એ સાંભળવું કદી ય ચૂકશો નહીં. એમના એક રસિક પવાડાની બે-ત્રણ લીટી આપું :

X કહનો વહનો બેને વ ભાઇ
કિયારીમાં હુતા જાય
હુતાં હુતાં કરે રે વાત
હુડાયાં કિયારીનાં ભાત.

" મેવલો " એ એમનો ચોમાસામાં આવે. જેઠ મહિનો આવે, વરસાદની નિર્નિમેષ રાહ જોવાતી હોય, વાદળો ઘટા કરે પણ વરસે નહીં. વરસાદની તો બધાને જરુર. એ વખતે એકાદ દુબળા નારી પાટલા ઉપર કાદવનો દેવ લઇ- પૂજા કરી ઉપર લીલાં પાંદડાં મૂકે છે- ઘરઘર ગાતી ફરે છે :

X મેવલ ી માડી રે.
દરિયામાં ઘર કરે.

શો તે વખતનો તેનો અવાજ ! ગામને હર ઘરથી એના ઉપર સ્હેરે પાણી ઢોળાય. ઘર્માતુર ચાતકને ય જાણે ઠંડક લાગે અને એ કેવી રીતે શોભે ? જાણે વરસાદની હેલીમાં ભીંજાતી નાગરવેલી. મનુષ્યવિદ્યાની પરિભાષામાં આને સહાનુભૌતિક જાદુ કહે છે: જેમ એને ભીંજવી તેમ જ વરસાદ ધરાને ભીંજવશે એમ મનાય છે.

તેઓ લગનમાં પણ ભલભલાં ગીતો ગાય છે.

X મારે બારણે સોપારીનો છોડ
સોપારી લેરા લાલચૂમ છે રે.
હેરે અમુકભાઇનાં વેવા
લગન વેવા વેલાં જોઇશે રે મોરા રાજા.

વેવાઇ વેવાણને પણ ઠીકઠીક નવાજવામાં આવે છે :

X તાંબાની કૂંડી નવગજ ઊંડી ;
વેવણને નાણી લાવો, મારા નવલા વેવાઇ.

અથવા

X સસરા તૂટલે ઝુંપડી હરિભાઇ તમે શું જોવા આયવા ?
X સસરા ગામના ગુલામ હરિભાઇ તમે શું જોવા આયવા ?

બીજી લીટી એમની સામાજિક સ્થિતિનું કડવું ચિત્રણ છે !

..૫..



- : ૫ : -

એમના ગીતોમાં દર્દ છે :

X સીતાએ રડીરડી તળાવ ભર્યાં ;
સીતાને કોણ વળાવવા જાય ?
સીતાને માડી વળાવવા જાય.

કલ્પના છે :

X આયવો રે પરદેશી પોપટ રે બેનીબાઇ
લઇ ચાઇલો રે એને દેશ બેનીબાઇ.

અને રંગ છે :

X કેર કપાવો અને થંભ બનાવો
કેરની વાડીમાં અમરક પાણી.
ત્યારે અમુક ભાઇ ધોતીઆં ધુએ
ધોતીઆં ધુએ ને સીતા વાટડી જુએ
હજી ન આયવો મારો હેતનો પિયાલો.

આ બધાં ગીતો અને તેમાંના ભાવો ! તે ગાઇને ખબર ન પડે તેમ વીતતી એમની આખીને આખી રાત્રીઓ : સુખના આટલા થોડા દિવસો આ આદિવાસી દૂબળાઓને.

ભવિષ્યની દૃષ્ટિએ :-

આર્થિક યોજનાઓ તો થઇ શકે છે ; પરંતુ સમાજની યોજના ઘણી અચ્છી સામાજિક જાગરુકતા અને સંસ્કૃતિ માગે છે. દરેક દરેક પ્રજાનું સામાજિક સુયોજન આવી રહયું છે ; તેમાંય પછાત કોમોનું અને આદિવાસીઓનું તો સૌ પહેલાં. ઘરે ગુલામ છે તો આપણે અંગ્રેજોને કેમ મોંએ કહેતા કે અમને ગુલામ મટાડો. દુબળાઓની સામાજિક યોજનામાં આ પહેલી વાત આવી. હાલી મુક્ત થઇ. હવે એમનો વિકાસ સ્વાવલંબન થવો જોઇએ.

[illegible]

આ પ્રજા પાસે જીવવાની શક્તિ છે ; અને એની પાસ બીજાને કંઇક આપી જાય એવાં તત્વો પણ છે. આથી એમને જીવાડવાં જ પડશે, અને તે ય સારી રીતે. તો એમને માટે [illegible] કરીશું શું ?

સહયાં

ઉપર કહયું તેમ પહેલાં તો એમનાં ગુલામીખતો ફાડી જ નાખવાં પડશે. ત્યારપછી એમને થોડોવખત સારી મજૂરીએ કામ કરવા પ્રેરવા પડશે, તે માટે કામ આપવું જોઇએ. [illegible]

[illegible]

[illegible] આપણે અટકવું ય પડે. [illegible]

કેળવણીમાં માત્ર અક્ષરજ્ઞાન અનાર્થિક થઇ પડશે. અંગ્રેજોના હાથ નીચે અપાતું હતું તેવું જ શિક્ષણ મધ્યવિત્ત ભદ્રલોકો માણી શકે એવી એકલ ફળ ન આપનારી ફેશન છે. તે કોઇને ખાસ કરીને આવી પ્રજાને તો, ન જ અપાય, અક્ષરજ્ઞાન સાથે ધંધા હુન્નરનુંય તેમને શિક્ષણ આપવું પડશે. તેમાંથી નીકળ્યા બાદ એઓને મોટા સમાજમાં ચાલતા આવા ધંધા હુન્નરોમાં ફરજિયાત લઇ લેવા પડશે. એ થાય એની સાથે સાથે એમને પોતાની સંસ્કૃતિ, પોતાના નાચ, પોતાનાં ગીતો

..૬

- : ૬ : -

પ્રજાની રુચિ ન ચડે, એને માટે નાનમ ન લાગે અને તેથી એ બધું છોડી ન દે એ ખાસ જોવું પડશે. આ બધાનું તો સંરક્ષણ થવું જ જોઇએ. આ જૂની મજાની વસ્તુઓ સાથે લઇ એઓ દુનિયા સાથે કદમ મિલાવી ચાલતા થઇ જાય તો કેવું રૂડું ?

ત્યાર પછી ઘરસુધાર, કુટુંબરક્ષા, આરોગ્ય શિક્ષણ : વગેરે આવશે. આને માટે ધીરજ અને ખંતથી પ્રચાર કરવાની જરુર છે. એમને એમના જેવાં જ પણ હવા ઉજાસ અને મોકળાશવાળાં છાપરા મોડલ તરીકે બનાવો ; તો એ એકદમ નવું ન લાગવાથી જરુર અપનાવશે. આરોગ્ય માટે મફત દવા વગેરેનો પ્રબંધ કરવો પડશે. કરવાનું ખૂબજ છે. એમાં સરકાર, સમાજ સુધારક અને સમાજ/માનવ શાસ્ત્રીઓ સાથે મળીને કામ કરવું પડશે.

(ઊર્મિ અને નવરચના: ઓગસ્ટ ૧૯૪૬ માંથી થોડા ફેરફાર સાથે)



## આદિવાસી ગુજરાતના મજૂર પ્રશ્નો

ઠા. ભા. નાયક

મહાગુજરાતના ઘનવનાચ્છાદિત પર્વત પ્રદેશોમાં અને તેમની બાજુનાં મેદાનોમાં વસતી ભીલ, દૂબળા, કોંકણા વગેરે આદિમ જાતોની વસ્તી ૧૯૪૧માં નીચે મુજબ હતી :

| જાતિ | વસ્તી(૧૯૪૧) | વસ્તી (૧૯૭૧) |
|---|---|---|
| ભીલ | ૪,૭૪,૫૩૨ | ૧૪,૫૧,૭૬૦ |
| ચોધરા | ૯૮,૫૨૩ | ૧,૮૮,૫૮૯ |
| ધાણકા | ૨૦,૨૩૯ | ૧,૩૮,૫૮૫ |
| ધોડીયા | ૧,૪૦,૯૬૬ | ૩,૫૮,૭૭૩ |
| દૂબળા | ૧,૮૦,૪૭૯ | ૩,૮૮,૫૮૯ |
| ગામીત | ૮૩,૯૪૫ | ૨,૭૬,૫૮૧ |
| કાથોડીઆ | ૪૭૬ | ૨,૯૩૯ |
| કોલઘા | ૧,૨૪૫ | ૨૯,૪૬૪ |
| કોંકણા | ૩૪,૬૪૭ | ૧,૮૧,૪૧૧ |
| નાયકડા | ૧,૧૬,૦૭૭ | ૨,૩૪,૯૯૯ |
| વારલી | ૨૮૮ | ૧,૨૬,૧૦૮ |
| વીટોલીઆ | ૨,૨૪૮ | ૧૨,૯૦૨ |
| | કુલ : ૧૧,૩૩,૩૦૩ | કુલ : ૩૩,૯૦,૭૦૦ |

આ જાતિઓના આર્થિક ધંધાઓ અનેક જાતના છે, જેવા કે ખેતી, ફળચયન, માત્સ્યી, શિકાર, ટોપલા બનાવવાં, કોયલા પાડવા, કાથો તૈયાર કરવો કે મજૂરી કરવી. આ લેખમાં આદિવાસીઓના ધંધાઓના મજૂરપ્રશ્નો ઉપર વિચાર કરવાનો આશય છે. અહીં પહેલાં પ્રશ્નો અને પાછળના ભાગમાં તેમને હલ કરવાના માર્ગ આપવામાં આવ્યા છે.

આ આદિવાસીઓમાં મજૂરી એક ભિન્ન વિભાગ તરીકે હોતી નથી, પણ એક સ્વતંત્ર માણસમાં જ એ વસેલી હોય છે. તે જાતે જ પોતાનો યોજક હોઇ પોતાની મરજી માફક મજૂરી કરી શકે છે. આથી એને યંત્રપૂર્ણ સમાજમાં થાય છે તેમ શોષી શકાતો નથી. પણ જમીન ઓછી હોવાને લીધે ( દાખલા તરીકે ભીલોમાં ૫૮ ટકા જેટલા પાસે ૪ એકરથી ય ઓછી જમીન છે. ) તથા બીજી કુદરતબક્ષી સંપત્તિ ન હોવાને લીધે એમને ત્યાં વધારે પડતી મજૂરવસ્તીનો પ્રશ્ન ઊભો થયો છે. તદુપરાંત, રુઢિબદ્ધ હોવાથી એઓ સમાજવ્યવસાય સિવાય બીજો કોઇ ધંધો કરી શકતા નથી. ભીલો કોયલા પાડવામાં બાધ સમજે છે ને દૂબળાઓ ટોપલાં બનાવવાં નિષિદ્ધ ગણે છે. જેટલે કે મજૂરી થઇ શકે એવાં ક્ષેત્રો ખૂબ મર્યાદિત હોઇ એમને ત્યાં ફરજિયાત બેકારી વધી રહી છે. એમાંના ઘણાને કારખાનામાં મોકલી શકાય. કેટલાક બીલીમોરા, નવસારી, ભરુચ અને અમદાવાદની મિલોમાં પણ ગયા છે. ત્યાં એમને જે પગાર મળે છે તથા જેવી સ્થિતિમાં કામ કરવું પડે છે તેની અહીં ચર્ચા કરી નથી , કારણકે એ પ્રશ્નો સામાન્ય મજૂરીના પ્રશ્નોમાં આવી જાય છે અને તેમને વિષે અનેક સ્થળે લખાયું છે.

...૨..

- : ૨ : -

ભારતના આદિવાસી મજૂરીનો બીજો પ્રશ્ન છે બાળમજૂરીનો : આદિમ બાળકોને ઘર, ખેતર કે વન-જંગલમાં કામ કરવું પડે છે. એમને નસીબે કારખાનામાં કામ કરતાં બાળકો જેટલાં આંસુ, આહો કે કમરતોડ મહેનત નહિ હોય, તો ય એનાં બે પરિણામો છે : એક આ આદિવાસી બાળકો જ્યાં સગવડ હોય છે ત્યાં પણ કેળવણી લઇ શકતાં નથી, એટલે નાનપણથી એમનું જીવન કુંઠિત થઇ જાય છે. ટીંબાપાડાના ભીલી ગામમાં ૧૫૦ છોકરામાંથી માત્ર ૯ જ નિશાળે જતાં હતાં ! બાગલાણના ૨૨૫ કોંકણા બાળકોમાંથી માત્ર ૪૨ જ વિદ્યાર્થીઓ હતા ! અમેરિકાની રાષ્ટ્રીય બાળમજૂર સમિતિએ એવો કાયદો બનાવ્યો છે કે ૧૬ વર્ષ સુધી બાળકોને મજૂરી ન કરવા દેવી અને દરેકને એક વર્ષમાં ૯ મહિના તો નિશાળે મોકલવું જ. આની સાથે આપણાં આદિમ બાળકોનાં નસીબ સરખાવો ! બીજું, બાળકો પણ મજૂરી કરે છે, એટલે કામ શોધતા પ્રૌઢોને વધુ મુશ્કેલી આવી પડે છે, કારણ કે તેમને બાળકો સાથે પણ હરીફાઇ કરવી પડે છે.

આ બેકાર સમૂહની આર્થિક જરુરિયાતથી જ રુઢિનું ઉપલું પડ તૂટી જવા લાગ્યું છે ને નિષિદ્ધ ગણાતા ધંધાઓમાં એમણે પેસવા માંડયું છે. આજે ભીલો કોયલા પાડતા ક્યાંક મળી આવશે. કે ધોડીયાઓ ટોપલા વણતા. નવા આગન્તુકોથી કામ બરાબર થતું નથી. તેમના કામમાં સફાઇ, કારીગરી અને ઉત્તમતા આવતાં જ નથી. ભીલો કાથો - કોયલા બનાવે પણ તે લગાના ભાઇ જેવાં જ. વળી એઓને મજૂરી પણ ઓછી મળે છે, એટલે જૂના કારીગરોને સારું કામ કરવા છતાં ય ઓછી મજૂરી મળે છે.

સભ્ય જગતના સંસર્ગથી આદિવાસીજગતને સુખ કરતાં દુ:ખ વધુ મળ્યાં છે. વેઠ પણ એમને એવી જ રીતે લાધી છે. વેઠને આ સીધાસાદા સમાજના શ્રાપરુપ જ કહેવાય. નાના નાના ઓફિસરો ની તુમાખીનો પાર નથી. શાહુકારોની દાદાગીરીની હદ નથી. ગાડાં વગરભાડે કાઢવાં પડે. ઘી, દૂધ મફત આપવાં પડે. શાકભાજી, ખીચડી ફરજિયાત દેવી પડે. શિકારના હાંકામાં જોડાવું પડે. બદલામાં જૂતિયાં, ગાળ બધું જ મળે ! માનનીય શ્રી. ખેરે પણ એક વખત આદિવાસી સેવા મંડળમાં ' જમીનદારોના અને જંગલકોન્ટ્રાકટરોના ગુલામો જેવા આદિવાસીઓ ' નો બહુ કરુણ ચિતાર આપ્યો હતો. વારલીઓના બળવાનું એક કારણ આ હતું એમ બધાએ જ હવે સ્વીકાર્યું છે.

જ્યાં જ્યાં આ વનવાસીઓની સ્થિતિ એક આટલી બધી કરુણ અને કમનસીબ નથી, ત્યાં એમને બીજી મુશ્કેલી છે. એમને અપાતી મજૂરી ઘણી ઓછી છે. મજૂરીના મૂળ દરો ખાસ વધ્યા નથી. એમને શી મજૂરી મળે છે તે નીચેના કોઠા ઉપરથી સમજાશે.

| કામ | મજૂરી | કેવી રીતે આપે છે |
|---|---|---|
| લાકડાં કાપવા | ૦-૧૨-૦ | એક દિવસના |
| ખેડ કરવી | ૦-૧૨-૦ | " " |
| નીંદવું | ૦-૬-૦ | " " |
| ગોડવું | ૧-૨-૦ | " " |
| ભાત રોપવા | ૦-૧૨-૦ | " " |
| કાપણી | ૦-૧૪-૦ | " " |





- : ૩ : -

| કામ | મજૂરી | કેવી રીતે આપે |
|---|---|---|
| વાસ કાપવું | ૦-૪-૦ | સો પૂળા |
| વાસ બાંધવું | ૦-૨-૦ | " |
| કપાસ વીણવો | ૦-૨-૦ | પાંચ શેરના |
| કોયલા પાડવા | ૧-૦-૦ | એક કોથળાના |
| સંદેશો લઇ જવો ઇ. | ૦-૮-૦ | એક દિવસના |

એક અકુશળ મિલમજૂરને પણ લગભગ દોઢ રુપીયો રોજ મળે છે. તેની સાથે સરખાવતાં આ રોજી ઘણી ઓછી કહેવાય.

આનાથીય બદતર પરિસ્થિતિ સુરત જિલ્લાના દૂબળાઓની છે. બોમ્બે ગેઝેટીઅર કહે છે તેમ એઓ અનાવિલબ્રાહ્મણો તેમજ બીજા ખેડવાયાઓના વંશપરંપરાના નોકરો છે. એ લોકો ખેતરમાં કામ કરે, એમનાં બૈરા છોકરાં માલિક-ધણિયામાને નામે જે ઓળખાય છે-ને ત્યાં ઘરકામ કરે. એમની વસ્તી ૧૯૪૧માં ૨૦ લાખ જેટલી હશે. ( પહેલા કોઠામાં એથી ઓછી બતાવવામાં આવી છે. ) આ લોકો જે રીતે કામ કરે છે તેને હાળીપ્રથા કહેવામાં આવે છે. એમાં દૂબળો ધણિયામા પાસે પરણવા માટે સો-દોઢસો રુપીયા લે. બદલામાં તેને ત્યાં મજૂરી કરવાની શરત લખી આપે. મજૂરી ઓછી હોવાથી તેનાથી એ કરજ ભરપાઇ થતું નથી અને એ ધણિયામાને ત્યાં જિંદગી સુધી રળતો રહે છે. તેનો દીકરો પણ એ જ રીતે માલિકના હાથમાં આવે છે, ને આ પ્રથા પેઢી દર પેઢી ચાલ્યા કરે છે.

સુરત જિલ્લાની ૧૪ ટકા જેટલી આ પ્રજાને અર્ધગુલામ જ કહેવાય. કારણો આ છે:

(૧) મરજી ન હોય તો ય હાળીને ધણિયામાને ત્યાં કામ કરવું પડે છે.
(૨) હાળી ભાગી છૂટે તો બીજો કોઇ તેને નોકરીએ રાખતો નથી.
(૩) ભાગી છૂટેલા હાળીને મારી-બાંધીને ય લાવવામાં આવે છે.
(૪) હાળીને છૂટા થવું હોય તો લીધેલા પૈસા આપવા જ પડે.
(૫) એના કામના કલાકો ગમે તેટલા હોઇ શકે છે.
(૬) એને અપાતો રોજ બદલાતો નથી.

હાળીને કામના બદલામાં દરરોજ સવારે રોટલો અને ચા તથા બપોરે જમવાનું અને બીડી મળે છે. આ ઉપરાંત એને બશેર ડાંગરનું ભાથું આપવામાં આવે છે. વરસ દિવસે એકબે લૂગડાં અને જોડા અપાય છે. આ બધાને રુપીયા, આના, પાઇમાં ફેરવતાં એમનો દૈનિક પગાર નીચેના કોઠામાં બતાવી શકાય.

| તાલુકો | ભાથું | રોકડા | રોટલો | જમવાનું | તમાકુવગેરે | પરચુરણ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ચીખલી | ૦-૬-૦ | કંઇ નહિ | ૦-૧-૦ | કંઇ નહિં | ૦-૦-૬ | ૦-૨-૦ | ૦-૯-૬ |
| ઓલપાડ | ૦-[illegible]-૦ | " | ૦-૩-૦ | " | ૦-૦-૬ | ૦-૧-૬ | ૦-૯-૦ |
| બારડોલી | ૦-૪-૦ | " | ૦-૧-૦ | ૦-૨-૩ | ૦-૦-૩ | કંઇ નહિં | ૦-૭-૬ |

...૪..

- : ૪ : -

કોઇ પણ પ્રજાને પગભર કરવી હોય તો એમના આર્થિક પાયા મજબૂત બનાવવા જોઇએ. આદિવાસીઓ બધી જ રીતે પછાત છે. એમને આગળ લાવવા અન્ય આર્થિક વિષયોની પેઠે આ મજૂરીના વિષયને પણ ફરીથી ઘડવો પડશે. એને માટે નીચેનાં પગલાં ભરી શકાય તો એ પ્રશ્નોનો થોડોઘણો પણ ઉકેલ થઇ શકે.

૧. બેકાર અને અર્ધબેકાર આદિવાસીઓ માટે રોજીનાં ક્ષેત્રો ખૂબ વધારવાં જોઇએ. ગુજરાતના વધતા જતા ઉદ્યોગોએ આ પ્રદેશો તરફ મજૂરો માટે જવું પડશે. જરા જ પ્રોત્સાહન મળતાં આદિવાસી જગતની જડતા તૂટી જશે અને એ લોકો અનેક જગાએ મજૂર તરીકે જોડાશે. અહીં એમને પોતાને ઘરે જમીન ઉપરનું દબાણ ઓછું થશે, આદિવાસી ગૃહઉદ્યોગોમાં હરીફો ઓછા થશે અને એ લોકો સુખી થશે. સરકાર અને એમના જેવા શેઠોએ એમને સારો પગાર અને સંસ્કૃતિની સહીસલામતી બક્ષવાં પડશે.

૨. આદિવાસી બાળકો માટે કેળવણી અગત્યની છે. એનાથી એ લોકો વધુ ઉપયોગી માણસો, હોંશિયાર કારીગરો અને ઝળકતા નાગરિકો થશે. કેળવણી આપશું તો એમનો બાળમજૂરીનો પ્રશ્ન પણ ઉકલી જશે. એમને કોઇક હુન્નર કે ઉદ્યોગની કેળવણી આપવી પડશે. એનો અર્થ એ નથી, કે એમને અક્ષરજ્ઞાન નથી આપવાનું. કેટલાકો એમ કહે છે, કે અક્ષરજ્ઞાનથી એઓ બગડી જાય છે, એ વાત ઊર્મિજન્ય અને વાહિયાત છે.

૩. જ્યાંજ્યાં આદિવાસીઓ જંગલ કે કોયલા કંટ્રાકટરોના ભાડૂતી મજૂરો તરીકે કામ કરે છે, ત્યાં એમને કાયદાએ ઠરાવેલી મજૂરી મળે છે કે નહિ તે જોવા માટે સરકારે ઓફિસરો નીમવા જોઇએ. આદિવાસી-કલ્યાણ-ઓફિસરો આ કામ કરી શકે.

૪. વેઠને તરત જ ગેરકાયદેસર ઠરાવી દેવી. જ્યાં વેઠ કરાવે તેની સામે પગલાં લેવાં. સરકારી કામો માટે દર ઠરાવી દઇ તે પ્રમાણે તેમને પૈસા આપવા.

૫. હાળીપ્રથા માટે આટલું કરવું પડશે :

અ. હાળીઓ છૂટા છે એમ સરકારે કહી દેવું.

બ. હાળીઓનું દેવું રદબાતલ કરી દેવું.

ક. વખતોવખતે હાળીઓની મજૂરીના દરો ઠરાવ્યા કરવા ને તે પ્રમાણે તેમને રોજ મળે એમ કરવું, પણ એનો ધણિયામો જે નામચીન દેવાદાર છે તેને પીસવો ન જોઇએ. ધણિયામાનું હિત ધ્યાનમાં રાખીને જ એનો પગાર નક્કી કરવો. સુરત જિલ્લાના ખેડૂતોનો આર્થિક વિકાસ થશે ત્યારે જ હાળીઓની આર્થિક સ્થિતિ બરાબર સુધરશે.

ડ. હાળીઓને બીજું કામ પણ શીખવવું પડશે, આથી એમને બીજે ઠેકાણે રોજી મળશે.

ઇ. એમના હિતરક્ષણ માટે ઓફિસરો નિમાવા જોઇએ.

૬. હાળીઓ તથા બીજા આદિવાસી મજૂરોનાં મંડળો સ્થપાવાં જોઇએ. તેમ કરવામાં સરકારે તથા સમાજ-સેવકોએ મદદ કરવી પડશે.

૭. એમની પોતાની સહકારી સંસ્થાઓ બનાવાય તો એમને સારો ફાયદો થશે. આવી આદિવાસી સંસ્થાઓ વારલીઓ માટે કામ કરી રહી છે, બીજાઓને માટે પણ એ થવું જ જોઇએ.

X 'ભૂમિ આનંદ' વર્ષ-૪, અંક-૨ ડિસેમ્બર ૧૯૫૦, લેખ જૂનો છે. કેટલું બદલાયું છે, કેટલું યથાવત છે તે જાણવા માટે ઉપયોગી છે. પહેલાં પાનાં ઉપર ૧૯૭૧ ની વસ્તી અત્યારે જોડી છે.

: ઠા.ભા.નાયક ૮-૮-૮૦



## હલવાહી પ્રથા

### ( આદિમજાતિની અર્થ વ્યવસ્થાનું એક કરુણ પાસું )

ઠા.ભા. નાયક

અર્થ અને ઇતિહાસ :

' હરવાહી' અથવા ' હલવાહી ' પ્રથા માત્ર શહડોલ જિલ્લામાં જ નહિ પરંતુ મધ્ય પ્રદેશમાં આવેલા વિંધ્ય પ્રદેશના ક્ષેત્રમાં ઘણા સમયથી પ્રચલિત છે. સ્વાતંત્ર્ય પૂર્વે જ્યારે દેશમાં રાજાશાહી તથા જમીનદારી યુગની બોલબાલા હતી ત્યારે આ જમીનદાર પોતાના વ્યક્તિગત પ્રયોગ માટે સેંકડો એકર જમીન, જે સારામાં સારી ઉપજાઉ હતી, તે પોતાના માટે સુરક્ષિત રાખી મૂકતા હતા. આને તેઓ 'સીર'ની જમીન કહેતા હતા. અને આ જમીન પર તેઓ પોતાના દિવાન અથવા અંગત માણસની દેખરેખ અને નિયંત્રણમાં ખેતી કરાવતા હતા. આ પ્રકારે જે તે વિસ્તારમાં જમીનદારની [illegible] ખેતી કરાતી હતી તેને ' જકીડા ' કહેતા હતા. એક એક જમીનદારના વિસ્તારમાં તેની શક્તિ અનુસાર ૫ થી લઇને ૫૦ સુધી ' જકીડા ' રાખતા હતા. અને એક એક 'જકીડા'માં એની ખેતીની જમીનના ક્ષેત્રફળના આધારે ૪ થી ૨૫ સુધી હળ-બળદ એને વસાવવાં પડતાં હતાં. આ હળ-બળદ ચલાવનારાઓને 'નાગરિયા' અથવા 'હલવાહા' કહેવાતા હતા. ભૂમિ પર પૂર્ણ સ્વામિત્વ જમીનદારોનું હતું. અને તેઓ ભૂમિના એક માત્ર માલિક હતા. ખેતીમાં નિપૂણ આદિવાસી જાતિના લોકો જેવાકે ગોંડ, બૈગા, ભારિયા અને કોલ, જેઓ 'જકીડા'ના વિસ્તારમાં વસતા હતા. તેમને જમીન મળતી ન હતી. તેઓ હલવાહા જ બનતા. જમીન તો જમીનદાર પાસેથી મળશે એ આશાએ ભૂમિહીન આદિવાસી જ્યારે જમીનદાર પાસે પોતાને માટે પણ થોડીઘણી જમીન માગવા માટે જમીનદારના શરણમાં આવીને પ્રાર્થના કરતા ત્યારે જમીનદાર પ્રેમભાવથી એમને કહેતા કે " બગડેલી જમીન એટલે કે જ્યાં સુધી ખેતર નથી બન્યું અને જંગલ ઊભા છે તેને લઇને તમે શું કરશો ? બળદ ક્યાંથી લાવશો ? ક્યાં સુધી ખેતી લાયક બનાવશો અને ક્યાં સુધી તેમાં કમાશો ? ટુંકમાં 'જકીડા'ની પડતર ભૂમિ તમારી જ છે. તમે એમાં પ્રેમથી કામ કરો અને જીવન પસાર કરો ."

જમીનદારના પ્રેમપૂર્ણ આગ્રહને ભોળો આદિવાસી ટાળી શકતો ન હતો. અને તરત તેની આજ્ઞાનો સ્વીકાર કરીને તેના જકીડામાં હળચલાવનાર 'હલવાહા' બનવાનો સ્વીકાર કરી લેતા હતા. કારણ કે આ ભૂમિહીન આદિવાસીને તો ગમે ત્યાં કામ જોઇતું હતું. હવે જમીનદાર ખૂદ ખુશ થઇને તે 'હલવાહા'ની દૈનિક મજૂરી જેને 'બની' કહેવાય છે, તે નિર્ધારિત કરતા હતા. શરુઆતમાં ૧। શેર અનાજ આપવામાં આવતું. જો જમીનદાર પોતે જકીડામાં રહેતા તો 'હલવાહા'ને જમવાનું પણ આપવામાં આવતું ( એને 'પત્તલ' કહેતા. ) એટલે કે જમીનદારના ભોજનાલયમાં તેમના માટે જે ભોજન બનાવવામાં આવતું તેમાંથી 'હલવાહા'ને પણ એ ' પતલ' એટલે કે પાંદડાની બનેલી પતરાળીમાં લપેટીને ભોજન આપવામાં આવતુ હતું. પરંતુ આ પતરાળી પણ એને દિવસ રાતમાં માત્ર એક જ વાર આપવામાં આવતી. આ પતરાળીને 'હલવાહા' આદર અને સન્માનની વસ્તુ માનતો હતો: ઠાકોર સાહેબ પોતે ખાય છે તેજ મને પણ ખવરાવે છે.' અને આ રીતે હલવાહા

પોતાના માલિકના કુટુંબની ખૂબજ નજીક આવતો હતો, અને પોતાના ભોળપણને કારણે માલિકને માટે સ્નેહભાવ બનાવતી હતા.

આ જમીનદારોની દેખાદેખીથી સમૃધ્ધ ખેડૂતોની પાસે કામનો ભરાવો થતાં તેઓ પણ ઉપર્યુક્ત પ્રથાના આધારે પોતાના ખેતરોમાં હળ ચલાવવા માટે તથા અન્ય પ્રકારના કામ કરાવવા માટે 'હલવાહા' રાખવા લાગ્યા. એ સમયમાં આદિવાસી શરુઆતમાં બધા ભૂમિહીન અને બેકાર તો હતા જ. બિચારા કરે પણ શું ? એક નિયમિત નોકરી મળતાં જ ઉલ્લાસમાં આ 'હલવાહી'ના કાર્યનો સહર્ષ સ્વીકાર કરતા હતા.

આ રીતે 'હલવાહી' પ્રથાનો જન્મ થયો. અને પ્રત્યેક સમૃધ્ધ ખેડૂત જેના ઘરમાં અધિક કામ કરનારા સભ્યોની સંખ્યા ન હોય અને ખેતીના કામમાં કંઇક વધુ વૃધ્ધિ થાય એજ ઉપર્યુક્ત પ્રણાલી અનુસાર 'હરવાહા' રાખી લેતા હતા. ખેડૂતોની સમૃધ્ધિનું સ્તર તેમને ત્યાં કામ કરનારા 'હલવાહા' થી મપાવા લાગ્યું. જમીનદારો, દશેરાના વિશેષ અવસર પર જ્યારે વિશેષ સરઘસ નીકળતું, ત્યારે આ હલવાહા ને દશેરાની ખુશીમાં વસ્ત્ર વગેરે વહેંચતા, તેઓ લાઇનસર દશેરાના જુલુસમાં નીકળતા હતા. અથવા એનાથી મોટો જે તેઓના ઇલાકેદાર હતા તેઓના દરબારમાં આ હલવાહાની ફોજને, જેના ખભા પર દંડા રહેતા હતા, તેમના દ્વારા લઇ જવામાં આવતા હતા. આ પ્રકારના દશેરા મેં આજથી પચ્ચીસવર્ષ પૂર્વે મેં મારી સગી આંખે જોયેલ છે.

કોઇપણ 'હલવાહા' આ રીતે માત્ર પેટનો ખાડો પૂરીને જ જીવી શકતો નથી અને જીવે તો પણ ક્યાં સુધી ? તેને વિવાહ કરવા પડશે, થોડા ઘણાં વસ્ત્રો પણ ખરીદવાં પડશે. આમ આ કાર્યો માટે એને પોતાની બાંધેલી મજૂરીથી અધિક કંઇક વધુ ધનની આવશ્યકતા થાય તે સ્વાભાવિક છે. આવી દશામાં એનો માલિક, જેને 'હલવાહા' શરુઆતમાં "અન્નદાતા" કહીને સંબોધન કરતો હતો, તે એની તમામ આવશ્યકતાઓની પૂર્તિ કરવા માટે સદા તૈયાર રહેતો હતો. કારણકે આ સમૃધ્ધ ખેડૂતોને સતત એ ભય તો રહેતો જ હતો કે કદાચ અસંતુષ્ટ થઇને તેનો 'હલવાહા' ભાગી જશે તો તેની ખેતીની આવક જતી રહેશે. તેઓ તેની બધી આવશ્યકતાઓની તરત પૂર્તિ કરીને તેને સંતુષ્ટ બનાવવામાં સદાય સજાગ રહેતા હતા. જો કે આ પ્રકારની આવશ્યકતાઓ માટે આ લોકો એ 'હલવાહા' ને જે ધન અથવા અનાજ આપતા હતા તેના પર વ્યાજનો દર સદાય ૨૫% થી ૫૦% સુધી રહેતો. જેનો મુખ્ય ઉદ્દેશ્ય એજ રહેતો હતો કે હલવાહા તેના દેવામાંથી ક્યારેય મુક્ત ન થઇ શકે. પરંતુ આ ભોળો આદિવાસી તો તેને પોતાના માલિકની માત્ર સહાનુભૂતિ જ સમજતો હતો. અને તેની સાથે પોતાનું પરમ કર્તવ્ય પણ સમજતો હતો કે આવા ઉપકારી માલિકની આજન્મ સેવા કરતો રહે. આ લક્ષણ આદિવાસી માં આજે પણ દિસે છે.

ઉદ્દેશ્ય તથા કારણ :

જમીનદારી તો ખતમ થઇ ગઇ પરંતુ 'હલવાહી' ના મૂળ એટલાં ઊંડાં જઇ ચૂકયા છે કે તે આજે પણ ખેડૂત શાહુકારો પાસે દસ, વીસ હલવાહા જોવા મળે છે. વાસ્તવમાં 'હલવાહી'એ ઋણગ્રસ્ત આદિવાસી જીવનનું જીવંત સ્વરુપ જ છે. ઋણગ્રસ્તતા એક પ્રકારનો નશો જ છે. જેમ આપણે જીવનની અનિવાર્ય આવશ્યકતાઓની પૂર્તિના મદમાં એટલા બેસુધ થઇ જઇએ છીએ કે આપણે તત્કાળ







તેની પૂર્તિ થાય તેમ ઇચ્છીએ છીએ. પછી તેનું પરિણામ ગમે તે હોય. આદિવાસી લોકો તો પોતાની અનિવાર્ય આવશ્યકતાઓ માટે ઋણગ્રસ્ત થાય છે.

શહડોલ જિલ્લામાં ચાર તાલુકા છે. (૧) સોહાગપુર (૨) બ્યોહારી (૩) બાંધવગઢ (૪) પુષ્પરાજગઢ. આમાંથી સંપૂર્ણ તહસીલ સોહાગપુર તથા પુષ્પરાજગઢ અને રાજસ્વ નિરીક્ષણક્ષેત્ર જયસિંહનગર અને આમડીહ અનુસૂચિત ક્ષેત્ર પણ ઘોષિત થઇ ચુકયાં છે.

ઉપરોક્ત ચારેય તાલુકામાં કંઇક થોડી કે વધુ માત્રામાં 'હલવાહી'ની પ્રથા અવશ્ય જોવા મળે છે. છતાં પણ આ કુપ્રથાથી ભરપુર સોહાગપુર તથા બ્યોહારી તાલુકાના નામ વિશેષ રુપથી ઉલ્લેખનીય છે. કારણ કે આ ભાગમાં સમૃધ્ધ ખેડૂતો વધુ પડતા છે અને 'હલવાહી'ને તો એકમાત્ર સમૃધ્ધ કિસાનોના શરણમાં જ આશ્રય મળે છે. આ રીતે જોતાં બાકીના ભાગો પુષ્પ રાજગઢ અને બાંધવગઢના ખેડૂતોમાં અપેક્ષાકૃત એટલી સમૃધ્ધિ નથી. તેથી આ બે તાલુકામાં આ કુપ્રથાનો એટલો ફેલાવો પણ નથી.

આમ તો શહડોલ જીલ્લાના ભિન્ન ભિન્ન તાલુકા તેમજ ક્ષેત્રોમાં પણ 'હલવાહી' ના રીત- રિવાજમાં કંઇક ને કંઇક અંતર છે. પરંતુ આ અંતર માત્ર 'હલવાહી'ના 'વેતનમાન' એટલે કે લેણી-દેણીમાં જ છે. આ અંતર પરિસ્થિતિઓના આધારે કરાય છે. જો આદિવાસી 'હલવાહા'ને આર્થિક કટોકટી ઊભી થાય તો માલિક તેને રુપિયા આપીને તેને ગુલામ બનાવશે અને જો માલિકની જ ગરજ વિશેષ હોય તો 'હલવાહા'ને મોં માંગી રકમ અથવા સુવિધાઓ મળ્યા કરે છે. પરંતુ શરુઆતમાં જોયું છે તેમ મોટાભાગ 'હલવાહો' જ પોતાની ગરજ અનુસાર સ્વેચ્છાએ માલિકના શરણમાં જાય છે.

હલવાહીની જુદી જુદી રીતો :

(૧) પેઢી દર પેઢીવાળી હલવાહી :

જો હલવાહાના પિતાએ ક્યારેક જમીનમાલિક પાસેથી કંઇક ઉધાર લીધું હોય અને તે શાહુકારને ત્યાં કામ કરતાં કરતાં મરી ગયો હોય તો તેના પુત્રને જ તે શાહુકારને ત્યાં હળ હાંકવું પડે છે.

(૨) " બની-હલવાહી". વાસ્તવમાં 'હલવાહા' શબ્દ હળ ચલાવવા તથા ખેતીના કાર્ય કરવાવાળા મજૂરો માટે વપરાય છે. અન્ય મજૂરો અને હલવાહામાં માત્ર એ જ અંતર છે કે 'હલવાહા'ને રોકડી મજૂરી ન આપતાં તેમની મજૂરી વિશેષ પધ્ધતિથી ચુકવવામાં આવે છે. આ 'હલવાહા' ની ભરતી આ વિસ્તારમાં " છેરતા " તહેવાર એટલે કે સંક્રાન્તિના વિશેષ અવસર પર કરવામાં આવે છે. ( જાન્યુઆરી માસમાં ). આ હલવાહાએ પોતાના માલિકને ત્યાં પુરું એક વર્ષ કામ કરવાનું વચન આપવું પડે છે. મજૂરી અથવા વળતર આપવાનો નિયમ એ છે કે 'હલવાહા' દ્વારા ખેતરમાં જે કંઇ બી વાવવામાં આવશે તેનો પાક કાપતી વખતે ઉપજનો દસમો ભાગ ૧/૧૦ હિસ્સો હલવાહાને કાપણી વખતે જ તેના નામે આપી દેવામાં આવે છે. આ દશાંશ ભાગને વ્યવહારમાં 'રકાના' પણ કહે છે. આ દશાંશથી વધુ હલવાહાને ઇનામના સ્વરુપમાં માલિક તરફથી એક જોડી જોડા અને એક કામળો આપવામાં આવે છે.

આ ઇનામ આપવામાં સ્વાર્થ છૂપાયેલો છે. વરસના વરસાદમાં કામળો ઓઢીને અને જેઠ મહિનામાં ધોમ ધખતા તાપમાં જોડા પહેરીને પણ સુવિધાપૂર્વક એ કામ કરી શકે !! તે કોઇપણ ઋતુમાં માલિકની કોઇપણ આજ્ઞાને ઠુકરાવી શકતો નહીં.

'દશાંશ' ભાગ અથવા 'રકાના' મેળવવા ઉપરાંત 'હલવાહા' જેટલા દિવસ પોતાના માલિકને ત્યાં કામ કરે તેને " બની " ના રુપમાં દરરોજ કોદરા આપવામાં આવે. જે દિવસ અથવા જેટલા દિવસો હલવાહા ગેરહાજર રહે તથા માલિકના ઘેર કોઇ વિશેષ કામ ન હોય તેટલા દિવસની "બની" (મજૂરી) મેળવવાનો હલવાહાને કોઇ હક ન હતો. આ હલવાહાના દયાજનક જીવનની વિશેષ ઉલ્લેખનીય વાત જે ધ્યાનમાં રાખવા જેવી છે તે એ કે માલિકને ત્યાં ખેતી સબંધી કોઇ કામ ન હોય તો પણ તેને એ અધિકાર નથી હોતો કે તે અન્યત્ર બીજાના ઘેર કામ કરી શકે. પોતાના આવા બંધનને કારણે હલવાહા ને " બંધુઆ " પણ કહે છે. એટલે કે તે પોતાના માલિકનો બંધાયેલો ગુલામ હોય છે.

જો હલવાહાનું કુટુંબ, તેની ઘરવાળી ઉપરાંત બે ચાર બાળકોનું હોય અથવા તે એકલો હોય તો પણ આવી પરિસ્થિતિમાં તેને પોતાની ગેરહાજરીના દિવસે પોતાના માલિકનું ઋણ લઇને જ મજૂરી લેવી પડે ત્યારે જ ઘરમાં ભોજનની વ્યવસ્થા થાય. આ રીતે કાપણી સુધી અને હલવાહાને તેના હિસ્સાનો દશાંશ મળે ત્યાં સુધી તેના પર તેના જમીન માલિકનું ઋણ, રોકડ અને અનાજના રુપમાં ચડતું. એનો હિસાબ કાપણી વખતે ખળામાં હલવાહાને દશાંશ આપતી વખતે કરવામાં આવતો. દશાંશ મેળવતી વખતે હલવાહાને પોતાનું ઉત્પન્ન કરેલું બધું અનાજ માલિકની કોઠીઓમાં જ ભરી આપવું પડે છે. અને તે એ અનાજ તરફ જોતો જ રહી જાય છે. કારણ કે તેના પર પહેલેથી જ એટલું દેવું થઇ ગયું હોય છે કે તે ઉપજમાંથી પોતાના દશાંશનો એક દાણો પણ તેને મળતો નહીં ! ઉલ્ટાના તેના પર માલિકના કંઇક વધુ પૈસા નીકળતા હોય. જો હિસાબ કરીને હલવાહા પોતાના ખેડૂતનો " દેવાદાર " સાબિત થાય તો " છેરતા " પર વર્ષ પુરું કર્યા બાદ પણ પોતાના માલિકનું કામ ત્યાં સુધી ન છોડી શકતો જ્યાં સુધી તે ઋણથી મુકત ન થતો. આવી પરિસ્થિતિમાં આ હલવાહાને જો પહેલા માલિકથી અસંતોષ થાય તો એણે બીજા સારા (?) ખેડૂતને શોધીને તેની પાસેથી થોડાઘણા રુપિયા લઇને પહેલા માલિકનું દેવું ચૂકવવું પડતું. અને નવા માલિકને ત્યાં વર્ષભર માટે 'હલવાહી' કરવાના હેતુથી ફરીવાર બંધાયેલા રહેવું પડશે.

(૩) રિનિયા હલવાહ :

ક્રમાંક-૨ માં બતાવેલી પરિસ્થિતિમાં જ્યારે હલવાહા કોઇ જમીન માલિકના દેવા પેટે રુપીયા લઇને તેની હલવાહી કરવાનો સ્વીકાર કરે તેને " રિનિયા-હલવાહ " કહે છે. આ ઋણ અવસર પર અથવા તો પૂર્વ માલિકનું ઋણ ચુકવવાના હેતુથી જ લેવામાં આવે છે. અથવા પોતાના કે પોતાના દીકરાના લગ્ન કરવા માટે અથવા પંચાયતનો દંડ ભરવાના







હેતુસર ( જેને " રોટી લાગવી " કહે છે. ) જ લેવામાં આવે છે. આ ઋણ પર કદાચ માલિક ખેડૂતને જ હલવાહા મેળવવાની ગરજ પડે તો કયારેક કયારેક કેટલાક ખેડૂત પોતાના હલવાહો પાસેથી કોઇપણ પ્રકારનું વ્યાજ લેતા નથી. હલવાહાની ગરજ પર ખેડૂત માલિકે ઋણ આપ્યું હોય તો જમીન માલિક હલવાહા પાસેથી ૨૫% થી ૫૦% સુધીનું વ્યાજ લેવાનો પૂર્ણ અધિકારી બનતો.

<u>હલવાહાનું કાર્ય તથા તેની દિનચર્યા :</u>

આ હલવાહો પણ અન્ય હલવાહાની જેમ સવારે પાંચ વાગ્યેથી પોતાના માલિકને ત્યાં હાજર થઇને નિયમ અનુસાર બળદ જોતરશે, તેનું હળ ચલાવશે, બી વાવશે, પાક ઊગાડશે, તેની દેખરેખ રાખશે. ( એટલે કે રાત્રે ખેતરોમાં ઝુંપડી બનાવીને ત્યાં સૂઇ રહેશે. ) પાક લણશે, અને તે પાકને એકઠો કરીને સુવિધાનુસાર કોઠીઓમાં મૂકશે. ખેતીના કાર્યમાંથી મુકત થયા બાદ હલવાહાની એ પણ જવાબદારી છે કે માલિકના મકાનની મરામત કરવી. રસોઇ કરવા માટે જંગલમાંથી બળતણ તથા ઇમારતી લાકડા કાપીને લાવવા, વાડીની સુરક્ષા માટે કાંટા લાવવા અને તેની દેખભાળ રાખવી.

આટલું કરવા છતાં જે દિવસે ગેરહાજર રહે અથવા માલિકને ત્યાં કોઇ કામ ન હોય તો તે દિવસની " બની " મજૂરી કંઇ પણ ન મળે !

(૪) આ પ્રથા મોટેભાગે તો શહડોલ જીલ્લાના પુષ્પરાજગઢ તાલુકામાં જ વધુ પ્રચલિત છે. તદ્અનુસાર 'હલવાહી' નો માલિક તેના નામ પર લગભગ ૨૦ શેર અનાજ પોતાના જ ખેતરમાં પોતાના જ સાધનોથી તે જ હલવાહા દ્વારા વાવણી કરાવે છે. આ ઉપજ પર હલવાહા નો જ સંપૂર્ણ અધિકાર હોય છે. હલવાહાને બીની કિંમત કે બીજો ખર્ચ કંઇ જ આપવો પડતો નથી. અને પુરેપુરી ઉપજ તે પોતાના ઘેર લઇ જાય છે. બદલામાં આ હલવાહાને પણ માલિકના ઉપરોકત તમામ કાર્ય કરવાં પડે છે. અને જેટલા દિવસ તે માલિકને ત્યાં કામ કરવા જાય છે. તેટલા દિવસ તેને બને સમય ભોજન પણ મળે છે.

(૫) પોંડકા :

આ પ્રથા અનુસાર જ્યારે કોઇ હલવાહો જમીન માલિકને ત્યાં પાંચ દિવસ હળ જોડીને વાવણીનું કામ કરે છે ત્યારે તે માલિકે પોતાનું હળ અને બળદ સહિત તે હલવાહાને તેનું પોતાનું ખેતર તૈયાર કરવા માટે આપવું પડે છે. હલવાહો જેટલા દિવસ તે ખેડૂતને ત્યાં કામ કરે છે તેટલા દિવસ તેને એક જ ટંકનું ભોજન મળે છે. પરંતુ ઉપરોકત સ્થિતિમાં શરત એ છે કે પહેલાં માલિકની પોતાની ખેતી તરફ એ લક્ષ આપે છે. ત્યારબાદ હલવાહાની ખેતી તરફ જુએ છે. આ હલવાહો મજબૂર થઇને 'પોંડકા' એવી દશામાં કરે છે, જ્યારે અચાનક તેના બળદ મરી ગયા હોય અથવા ગરીબ હોઇ બળદ ખરીદવાની શકિત ન ધરાવતો હોય. માલિકનું કામ છોડી પોતાનું ખેતર ખેડવાનો અને વાવણી કરવાનો તેને મોકો જ મળતો નહીં. પરિણામે પોંડકા હલવાહાનો પોતાનો જ પાક કયારેક સંતોષજનક ઉતરતો નહીં.

આ પ્રથામાં બીજી મોટામાં મોટી ખરાબી જે હતી કે લોભી ખેડૂત "પોંડકા હલવાહ " મેળવવાની લાલચમાં બે કે ત્રણ હલવાહાને આ રીતે બળદ આપીને પોતાની ખેતીનું કામ કરાવતા અને પરિણામ એ આવતું કે આ પ્રથામાં બળદોને પુરેપુરો ખોરાક ન મળતાં તથા વિશેષ કામ કરવું પડતું હોવાથી બળદોનું આયુષ્ય ઓછું થઇ જતું. શહડોલ જીલ્લામાં બળદોની ઉંમર ૫ થી ૬ વર્ષ સુધી જ હોય છે. તેનું એક કારણ આ પોંડકા પ્રથા છે.

(૬) રોકડિયા હલવાહા :

જો કોઇ હલવાહા પોતાની મજૂરી રોકડમાં માગે તો તેને આખું વર્ષ કામ કરવાની શરત પર વધુમાં વધુ ૪૦રુા. થી ૬૦રુા. સુધી માલિક દ્વારા અપાય છે અને જેટલા દિવસ માલિકનું કામ કરે એટલા દિવસની 'બની' માત્ર સવા શેર ડાંગર અથવા કોદરા (દરરોજ)આપવામાં આવે છે. આ હલવાહાને લણણી પર 'દશાંશ' મેળવવાનો અધિકાર નથી હોતો. માલિકની એટલી મોટી કૃપા હોય છે કે તે હલવાહાને પહેલો આપેલી રકમ પર કોઇ પ્રકારનું વ્યાજ લેતો નથી.!!

ઉપસંહાર :
-----

ઉપરોકત હલવાહી પ્રથાના શિકાર શહડોલ જીલ્લામાં મોટભાગે ભૂમિહીન બૈગા, ભારિયા, કોલ અને પલિહાજાતિના આદિવાસીઓ છે. હલવાહીમાં દૈનિક મજૂરીનો દર એટલો ઓછો છે કે ગરીબ હલવાહાએ વિવશ થઇને તે જ માલિકને ત્યાં પોતાની પત્ની અને બાળકોને પણ કામ કરવા માટે મોકલવા પડે છે. પરંતુ આ બધા હલવાહાથી પણ ઓછી મજૂરી લઇને ઘેર આવે છે. અને હલવાહા કુટુંબને દિવસભર માત્ર એક ટંકનું જ ભોજન 'પેજપાની'ના રુપમાં ખૂબ મુશ્કેલીથી મળી શકે છે. આ ખેડૂત માલિક હલવાહા કરતાં તેની પત્ની પાસે વધુ કામ લે છે અને આ સ્ત્રીઓને કયારેક સાડી તો કયારેક ઓછી કિંમતનું ઘરેણું આપીને પોતાના અહેસાનથી એવો તો દબાવી દે છે કે હલવાહા પોતાના માલિકને છોડવાનો વિચાર પણ કરતો નથી.

મધ્યપ્રદેશના આદિમજાતિ કલ્યાણ વિભાગની તરફથી ગૃહ નિર્માણ તથા કૉલોનાઇઝેશન ની જે યોજના જમીન વિહોણા આદિવાસીઓ માટે બનાવવામાં આવી તેનો માલિક ખેડૂતોએ પોતાની પૂરી તાકાતથી વિરોધ કર્યો. અને જો કોઇ હરવાહા આ ઘરોમાં રહેવા આવી ગયા તો જમીનમાલિકો તેઓને ઉશ્કેરીને ત્યાંથી ભગાડીને પોતાના ખેતર પર હલવાહા બનાવવા લઇ ગયા.

વિભાગ દ્વારા બળદ કે જમીન આપવાની જે યોજના છે તેમાં મળેલાં બળદ જમીન આ માલિકખેડૂતો કે શાહુકારોનું દેવું ચૂકવવામાં વપરાઇ જતાં જોવામાં આવ્યાં છે.

સૂચનો :
----

(૧) સરકારે જે રીતે અન્ય મજૂરોનું લઘુત્તમ વેતન નક્કી કર્યું છે તે રીતે આ હલવાહા કે ખેતમજૂરોનું પણ દૈનિક વેતન યોગ્ય રીતે નિર્ધારિત કરવું જોઇએ જેથી ગરીબ મજૂર

...૭..



પોતાની મહેનતના પ્રમાણમાં યોગ્ય વળતર મેળવી શકે.

(૨) સાથે સાથે આ હલવાહી પ્રથાને વિના વિલંબે ગેરકાનૂની જાહેર કરીને તુરંત બંધ કરાવી દેવી જોઇએ.

(૩) હલવાહો પર જે કંઇ જૂનું દેવું છે તે માફ કરી દેવું જોઇએ. X

xxxxxxxxxxxxxxxxx

X આ પ્રથામાં થોડોઘણો સુધાર થયો છે. લેખ મૂળ હિન્દીમાં લખેલો અને " વન્યજાતિ " માં પ્રકાશિત થયેલો છે. એનું ગુજરાતી ભાષાંતર શ્રી કાન્તિ મકવાણાએ કર્યું છે. એમનો આભાર.

ઠા.ભા.નાયક

ઠાકોરભાઇ નાયક

## સમાશ્રય અને શોષણ

### હાળી પ્રથાનું અધ્યયન : ૧ (પાર્શ્વભૂમિ )

**અભ્યાસ હેઠળનું પુસ્તક :**

પેટ્રોનેજ એન્ડ એકસપ્લોઇટેશન ('ચેન્જીંગ એગ્રેરીઅન રીલેશન્સ ઇન સાઉથ ગુજરાત, ઇન્ડિયા') નામનું પુસ્તક યાન બ્રેમને ૧૯૭૪ માં લખ્યુ છે, જે યુનિવર્સિટી ઑફ કેલીફોર્નિયા પ્રેસ (લંડન) પ્રકાશિત કર્યુ છે. પુસ્તકમાં ૨૮૮ પાનાં છે. એની કિંમત લગભગ ૧૫૦/- રૂ. છે. લેખક હોલેન્ડના નિવાસી છે. ત્યાં રોટરડેમમાં નેધરલેંડ્સ સ્કૂલ ઑફ ઇકનોમીકસમાં રીડર અને બ્રસેલની ફ્રી યુનિવર્સિટીમાં સોશ્યોલોજીના પ્રોફેસર છે.

**એની ગોઠવણી :** (હાળી એટલે કાયમી ખેતમજૂર. ધણિયામો એટલે જેને ત્યાં એ કામ કરે તે.)

પુસ્તક દક્ષિણ ગુજરાતની હાળી પ્રથા ઉપર લખાયેલું છે./ એને ત્રણ ભાગમાં ગોઠવ્યું છે. પહેલા ભાગમાં ભારતીય ખેતમજૂરો વિષે સામાન્યીકૃત સૈદ્ધાંતિક માહિતી આપી છે. બીજા ભાગમાં દક્ષિણ ગુજરાત વિષે, હાળી પ્રથાના સામાન્ય નિયમો વિષે તથા તેમાં આવી રહેલ પરિવર્તનો વિષે અછડતો પણ રોચક ખ્યાલ આપ્યો છે. આ બંને ભાગ પ્રશ્નની પૂર્વભૂમિકા રૂપ છે. ત્રીજા ભાગમાં જે બે ગામોમાં એમણે ક્ષેત્રકાર્ય કર્યુ છે એને કેન્દ્રમાં રાખીને હાળી પ્રથા અને તેમાં આવેલ પરિવર્તનોનું ઝીણવટભર્યું વિશ્લેષણ કરી સંશ્લેષણ આપ્યું છે. ૧૦ વર્ષ પછી લેખક જ્યારે આ વિસ્તારમાં પાછા આવ્યા ત્યારે એમણે જે જોયું તેના વિષે છેવટે એક નોંધ આપી છે. શબ્દાર્થ, ટૂંકાક્ષરી, ગ્રંથસૂચિ અને દર્શિકા પણ આપવામાં આવ્યાં છે.

**પુસ્તકનો વિષય :**

પુસ્તકનું નામ આપણે ગુજરાતીમાં સમાશ્રય અને શોષણ રાખીશું. દક્ષિણ ગુજરાતમાં જમીનમાલિકો અને ખેતમજૂરોના સંબંધો કેવી રીતે એક સંસ્થારૂપે સ્થિર થયા છે અને તેમાં હાલનાં વર્ષોમાં કેવો ફેરફાર થઇ રહયો છે તેના વિષે આ પુસ્તકમાં ક્ષેત્રકાર્ય આધારિત વિગતો અને વિશ્લેષણ અપાયાં છે. પહેલા ભાગમાં આખા પ્રશ્નની સમાજશાસ્ત્રીય તથા સામાજિક, આર્થિક, ભૌતિક પાર્શ્વભૂમિકા આપી છે.

**ખેતમજૂરો ક્યારથી ?**

જમીનમાલિકો અને ખેતમજૂરો વચ્ચેના સંબંધમાં ખાસ કરીને અર્થશાસ્ત્રીઓમાં એક મત એવો પ્રવર્તે છે કે ૧૯ મી સદીમાં બ્રિટીશ રાજ્ય થયા પછી ભારતમાં ગામડાં તૂટી ગયાં, હુન્નરો પડી ભાંગ્યા અને કારીગર વર્ગને ખેતીની મજૂરી કરવા સિવાય બીજો કોઇ આરો ન રહયો. જમીનમાલિકોને પણ જમીન મહેસુલ વધુ પડતું તથા રોકડામાં આપવું પડતું હોવાથી જમીન ખેડવી ભારે પડવા લાગી, એમણે જમીન વેચવા / છોડવા માંડી. એઓ પણ ખેતમજૂરી તરફ વળ્યા./ આમ ખેતમજૂરનો આખો વર્ગ બ્રિટીશ રાજ્ય થયા પછી ઊભો થયો. ( તે પહેલાં તો ગામ સ્વયંસંપૂર્ણ એકમ હતું. સૌ પોતપોતાનું વ્યક્તિગત કાર્ય કરતા. એટલે ખેતમજૂરોનો અલગ એવો કોઇ સમૂહ ન હતો.) બ્રેમન આ વિચારની સાથે સંમત થતા નથી. એઓ એમ કહે છે કે

(૧) જમીનમાલિકો અને ખેતમજૂરોની વ્યવસ્થા તો ઘણાંઘણાં વર્ષોથી ચાલી આવતી લાગે છે. (૨) જ્યાં જ્યાં આદિવાસીઓ / હરિજનો વધુ હોય છે ત્યાં એ લોકો પરાપૂર્વથી ખેતમજૂરી કરતા જણાય છે. એમની પાસે તો જમીનમાલિકી ક્યારેય હતી નહીં. જમીનવાળા વર્ગો (જે ઉચ્ચ વર્ણના હતા) એમને મજૂરી કરવા માટે રાખી લેતા. (૩) આમાંના ઘણા ખેતમજૂરો તો ગુલામો તરીકે જ રહેતા આવ્યા છે. જેવા ગુજરાતમાં હાળી છે તેવા મદ્રાસમાં પાડીયાલ, પન્નેયાલ,

બીજાં રાજ્યોમાં હાળી પ્રથા : ચરમા, કેરલમાં ચાડીમા, મધ્યપ્રદેશમાં હરવાહા, સામીઆ, શાલકારી, ઓરિસ્સામાં ચાકર, ગોઠી, બિહારમાં કામીઆ, બારમાસીઆ, તથા પંજાબમાં હાળી, સેપી હોય છે. (૪) આ ગુલામ ખેતમજૂરો માલિકો પાસે નાણાં ઉધાર લે છે, એઓ પેઢી દરપેઢી જમીનમાલિકને ત્યાં કામ કરતા જણાય છે. એમનો અને એમના માલિકનો સંબંધ હમેશનો હોય છે. એમને કામના બદલામાં મજૂરી ઓછી આપવામાં આવે છે, જેથી કરીને ઉધાર લીધેલાં નાણાં ચૂકવી જ ન શકાય.

## હાળી પ્રથા અટલે જજમાની પ્રથા :

બ્રેમન હાળી પ્રથાને ભારતની જજમાની પ્રથાના એક ઉદાહરણ રૂપે અથવા તેની જ એક વિશેષ આવૃત્તિ તરીકે ઓળખાવે છે. જજમાની પ્રથામાં એક પ્રભાવી જાતિની આસપાસ બીજી બધી જાતિઓ (જ્ઞાતિઓ) સેવા અને સામાન આપવા લેવાના સંબંધોથી જોડાયેલી હોય છે. ગુજરાતમાં જેને આપણે ''આવત'' કહીએ છીએ તે પ્રભાવી જ્ઞાતિ તરફથી એની સેવા કરનાર (કુંભાર જે માટીનાં વાસણો આપે, મોચી જોડા કે કોશ આપે, અથવા સુથાર જે હળ લાકડાનું કામ કરી આપે તે બધાને) પરંપરાગત માન્યાનુસાર આપવામાં આવતું અનાજ છે. હાળી પ્રથામાં પણ દૂબળા પોતાની મજૂરી તથા બીજી સેવા અનાવિલ જમીનમાલિકોને આપે, તેના બદલામાં એમને ખાવાનું, કપડાં તથા આશ્રય મળે. જજમાની પ્રથામાં જે સંબંધો છે તે માત્ર ધર્મ પરિચાલિત હોવા જોઇએ એવું કશું નથી. તે આર્થિક પણ હોય. વળી સરળ સમાજોમાં આર્થિક, ધાર્મિક કે સામાજિક સંબંધોને અલગ અલગ કરી શકાતા નથી.

જજમાનીમાં જજમાન અને એના ઉપર આધારિત જ્ઞાતિનો વ્યક્તિઓના સંબંધો આર્થિક, ધાર્મિક, સામાજિક હોય છે. હાળી પ્રથામાં પણ એમ જ. તદુપરાંત એકના એક હાળી એકના એક ધણિયામાને ત્યાં જીવનભર (અને તેનો છોકરો પણ તેને ત્યાં જ) કામ કરે અટલે એમના સંબંધ જજમાનીના સામાન્ય ઔપચારિક સંબંધો કરતાં વધુ ગાઢા, વૈયક્તિક અને અતીવ અનૌપચારિક હોય છે.

## દક્ષિણ ગુજરાત :

આ વાતને વિસ્તારથી અને ઊંડાણથી સમજાવવા લેખક દક્ષિણ ગુજરાતના બે જિલ્લાઓ (સુરત અને વલસાડ ) લે છે. એ વિસ્તાર વિષે સમસ્યાને સમજવા માટે આવશ્યક અને તત્પૂરતી વિગતો આપે છે. (:''આવશ્યક અને તત્પૂરતી,'' ''necessary and sufficient''વિગતો એકઠી કરવી એ સામાજિક સંશોધકનો મોટો ગુણ છે.)





## ભૂગોળ :

મુંબઇથી ૧૦૦-૧૫૦ કીલોમીટર ઉત્તરથી શરૂ થતો દક્ષિણ ગુજરાતનો પ્રદેશ બે ભૌગોલિક ભાગોમાં વહેંચી શકાય. એક પૂર્વનો ડુંગરો અને જંગલોનો પ્રદેશ અને બીજો ડુંગરો અને દરિયા વિસ્તારની વચમાંનો કાંપ અને કાળી જમીન વાળો ફળદ્રુપ પ્રદેશ. અહીં ૪૦ થી ૫૦ ઇંચ વરસાદ પડે છે. (ખેતીનો મુખ્ય આધાર વરસાદ છે, ઉકાઇ વગેરે યોજનાઓથી હવે ત્રણ ત્રણ, પાકો લેવાવા માંડ્યા છે.) ૬૦ થી ૧૦૦ ડિગ્રી ફેરનહાઇટ જેટલું ઉષ્ણતામાન અહીં રહે છે. ઓક્ટોબરથી માર્ચ સુધી શિયાળો અને માર્ચથી ઉનાળો શરૂ થાય છે. વરસાદ જુલાઇ, ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં આવે છે.

## વસ્તી :

૧૯૬૧ માં આ બે જિલ્લાઓની વસ્તી ૨૫ લાખની હતી. એમાં ૮૫% ગામવાસી અને બાકીના શહેરવાસી હતી. વસ્તીમાં આદિવાસીઓની સંખ્યા ઘણી વધારે છે. તેમને રાનીપરજ કે કાળી પરજ તરીકે ઓળખવામાં આવે છે. બીજા લોકો ઉજળી પરજ કહેવાય છે. પૂર્વનો વિસ્તાર આદિવાસી બહુલ છે. કુલ વસ્તીમાં ૮૦% જેટલા એઓ છે. ત્યાં ચૌધરી, ધોડિયા, નાયકા, દૂબળા વગેરે અનુસૂચિત જનજાતિઓ રહે છે. કેટલાક બીન આદિવાસીઓ ત્યાં વસી ગયા છે. સતીપતિ, મોક્ષમાર્ગ, રાધાસ્વામી વગેરે અનેક સંપ્રદાયોએ એક કે બીજે કાળે અહીંના આદિવાસીઓને અસર કરી છે. આશ્રમશાળાઓ આજે પણ આદિવાસીઓને બૃહદ સમાજમાં ગોઠવવાનું કાર્ય કરે છે. આમ પૂર્વ વિસ્તારનું સામાજિક માળખું થોડું અસ્થિર છે.

એથી વિપરીત પશ્ચિમ ભાગમાં સામાજિક માળખું સ્થિર થઇ ગયું છે. અહીં અનાવિલ બ્રાહ્મણો રજપૂતો, કણબી પટેલો વગેરે ઉપલી જ્ઞાતિમાં આવે છે, પછી કોળીઓ, દૂબળા, હરિજનો કોટિક્રમાનુસાર આવે. અનાવિલો મોટે ભાગે જમીનમાલિકો છે. એમનામાં દેસાઇ અને ભાઠેલા એવા બે ભાગ છે. દેસાઇ ઊંચા ગણાય. કોળીઓ જમીનની મજૂરી કરતાં કરતાં સ્વશ્રમે જમીનમાલિકો થયા છે, એ ઘણી પ્રગતિશીલ પ્રજા છે. દૂબળાઓની વસ્તી કુલ વસ્તીના ૧૦% જેટલી છે. એમનામાં ૭૧% જેટલા તો ખેતમજૂરો છે. કુંભાર, સુથાર, લુહાર, મોચી જેવી બીજી કારીગર જ્ઞાતિઓ અનાવિલો તથા એમના જેવા બીજા જમીનમાલિકો ઉપર આવતના સંબંધે આધારિત હતી.

## ઇતિહાસ :

દક્ષિણ ગુજરાતનો ઇતિહાસ સુરત શહેરના ઇતિહાસ સાથે જ મુખ્યત: જોડાયેલો છે. ઇ.સ.૧૫૭૩ માં અકબરે સુરત જીત્યું તે વખતથી પોર્ચુગીઝ, ડચ, અંગ્રેજ અને ફ્રેંચ લોકોની કોઠીઓ અહીં સ્થપાવા માંડી હતી. સુરતનાં અંદરનાં ગામડાંમાં સુરતના હાકેમોની સત્તા પહોંચતી ન હતી. જમીન મહેસૂલ ઉઘરાવવા માટે સ્થાનિક વગદાર લોકોની નિમણૂક કરવામાં આવતી. આ લોકો દેસાઇ કહેવાતા. (ઘણે ભાગે એ લોકો અનાવિલ જ્ઞાતિના હતા.) સુરતમાં જમીન મહેસૂલનો ઠરાવેલો ભાગ પહોંચાડવા પૂરતા જ આ લોકો તે કેન્દ્ર સત્તાને માનતા. બાકી એ લોકો સ્વતંત્ર જ હતા. એમની પાસે પોતાની માલિકીની જમીન પણ ઘણી થઇ ગઇ હતી. એ લોકો ઘણા હાળીઓ રાખતા એવા અભિલેખિય પૂરાવા મળે છે.

અઢારમી સદીમાં મરાઠાઓ આવ્યા ત્યારે પણ સુરતની અંદરનાં ગામોમાં વહીવટ આ પ્રમાણે જ રહ્યો. લોકોમાં અશાંતિ હતી. અંગ્રેજોએ ૧૯ મી સદીની શરૂઆતમાં સુરતનો કબજો લીધો ત્યારથી અશાંતિ મટી હતી. જો કે દેસાઇઓનાં વગ મોભો પહેલાં જેવાં જ રહ્યાં, માત્ર વહીવટમાંથી એમનો સીધો હસ્તક્ષેપ ઓછો થઇ ગયો.

ઇ.સ.૧૮૬૪ માં મુંબઇથી સુરતની રેલવે ચાલુ થઇ. લોકો મુંબઇ જવા આવવા લાગ્યા. દૂબળાઓ પણ કલ્યાણમાં ઈંટવાડામાં કે વસઇ તરફ મીઠાના અગરોમાં જતા થયા. ખેતીના મુખ્ય પાકો શેરડી અને કપાસનો વેપાર હજી સ્થાનિક વેપારીઓના હાથમાં રહ્યો. લોકોની આર્થિક સ્થિતિ ઠેઠ દ્વિતીય વિશ્વયુદ્ધ સુધી નબળી રહી. ત્યાર પછી જ વેપાર ઉદ્યોગ અને ખેતીમાં કંઇક વિકાસ થયો. સુરત, નવસારી, બીલીમોરા, વલસાડ જેવાં શહેરોમાં પણ નાનામોટા ઉદ્યોગો સ્થપાયા. દૂબળાઓને તથા બીજાઓને ત્યાં કામ મળવા લાગ્યું.

સ્વતંત્રતા મળ્યા પછી વડોદરાનું રાજ્ય મુંબઇ રાજ્યમાં જોડી દેવામાં આવ્યું. ઇ.સ. ૧૯૬૦ માં ગુજરાતનું અલગ રાજ્ય સ્થપાયું. અને ૧૯૬૪ માં સુરતમાંથી બે જિલ્લાઓ બન્યા- સુરત અને વલસાડ. હાળી પ્રથાની આ ભૌગોલિક, સામાજિક, ઐતિહાસિક પૃષ્ઠભૂમિ.

...



ઠાકોરભાઇ નાયક

## સમાશ્રય અને શોષણ

### હાળી પ્રથાનું અધ્યયન : ૨ (પ્રથાની લાક્ષણિકતાઓ અને એમાં આવેલું પરિવર્તન)

**મજૂરો બે પ્રકારના :**

અનાવિલ ધણિયામા (જમીનમાલિક) દૂબળાઓને ઇ.સ.૧૮૨૫ પહેલાં પણ હાળી તરીકે રાખતા હતા એ વાતના પૂરાવા મળે છે. બધા જ દૂબળાઓ હાળી તરીકે રહેતા હતા એવું ન હતું, કેટલાક 'છૂટા' હતા, કેટલાક 'બાંધેલા' હતા. છૂટા એટલે બીજે મજૂરી કરી શકે, બાંધેલા બીજે ન જઇ શકે. આવા બાંધેલા હાળીઓને કામ વિષે શરતો શી હતી ?

**કાર્ય શરતો :**

(૧) હાળીને આમ તો મુખ્યત્વે ખેતીની જ મજૂરી કરવી પડતી. ખેતરમાં એ બધું જ કામ કરતો. (એને બધું આવડે પણ ખરું.) એ હળ, કરબ, કરપી ચલાવે, શેરડી રોપે, કાપે, ભાત, કપાસ, જુવાર રોપે, ખળીમાંથી અનાજ કાઢે, કેરી, ચીકૂ પાડે, હવે તો ટ્રેકટર પણ ચલાવે વગેરે વગેરે. (૨) બીજું કામ પણ કરે. ધણિયામાની દીકરીને સાસરે કેરીનો ટોપલો આપવા જાય, ધણિયામાને ત્યાં ગાય, ભેંસ વીઆવાનાં હોય તો ત્યાં સંભાળ રાખે, લગ્ન, જનોઇમાં મહેનતનું બધું જ કામ કરે, ધણિયામાના ઘરનાં નળિયાં ચાળે, કે ગાલ્લી હાંકીને ધણિયામાની વહુને લેવા પણ જાય વગેરે વગેરે. મતલબ કે ધણિયામાના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક જગતનું કોઇ પણ કામ જે એનાથી થઇ શકતું હોય તે બધું કરે, એ કરવા બંધાયેલો. (૩) એના કામનો સમય કે કલાકો કંઇ મુકર્રર નથી હોતા. અડધી રાતે પણ કામ કરવું પડે. આખો દિવસ પણ રોકાઇને વાડ પૂરી કરી નાંખવી પડે. તે કોઇ દિવસ મોડો આવે કે ઓછું કામ કરે તો ન ચાલે.
(૪) એની વહુ હાળણ કે હરેકવાળી કહેવાય છે. તે પણ ધણિયામાને ત્યાં કામ કરે. એ દળે, કચરો વાળે, પાણી ભરે, લુગડાં ધુએ, રસોડું સાફ કરે, કોઢ (કોઠારું) સાફ કરે(વાસીદું વાળે), કે ધણિયામાના ઘરનું બીજું એવું જાડું કામ કરે. એ પણ ધણિયામાના ઘરનાં સંદેશા-સંપેતરાં બીજે પહોંચાડે, છોકરાં રાખે, ક્યાંક તો હાળીઓનું રાંધી પણ કાઢે. એને સવાર જ કામ કરવાનું હોય છે. બપોર પછી એ છૂટી થાય છે. (૫) હાળીની છોકરી એની મા ધણિયામાને ત્યાં જ કામ કરે તેમાં મદદ કરે. છોકરા ઢોર ગોવાળિયા તરીકે કામ કરે.

**હાળીને શું મળે ?**

આમ હાળી તરીકે રહેવું એ અચોક્કસ અવધિનું બંધન છે. એમાં મજૂરના પરિવારનાં બધાં જ સભ્યો જમીનમાલિકને ત્યાં કામ કરે. કામ અનિશ્ચિત હોય છે. મજૂર માલિકના સંબંધો તોડી શકાય નહીં. એના બદલામાં હાળીને શું મળે તે જોઇએ. એમ કહેવાય છે કે હાળીને નાનેથી મોટો કરવો, પરણાવવો, અને નભાવવો એ એના ધણિયામાની ફરજ, એમાં બધું જ આવી જાય. થોડી વિગતો જોઇએ : જે દિવસે હાળી કામ કરે તે દિવસે એને ભાતુ (અનાજ) મળે. (કોઇક ધણિયામાએ હાળીને જમીન આપી હોય છે એવા કિસ્સાઓમાં એમાં પાકેલું અનાજ હાળીનું થાય છે. એને ભાતું મળતું નથી.) હાળીને રોજ સવારે રોટલો

આપવામાં આવે છે. કામ વધુ હોય ત્યારે એને બપોરનું જમવાનું પહોંચાડવામાં આવે છે. એને છાપરું (ઘર) બાંધવા માટે ધણિયામો પોતાની જમીનમાંથી થોડી જગ્યા કાઢી આપે છે. તેના તરફથી છાપરૂં બાંધવાનો સામાન પણ મળે છે. (આ જગ્યાને ઘરઠામણી કહે છે.) એને વરસમાં એક જોડ કપડાં (બંડી અને ધોતીઉં) અને એક જોડ જોડા મળે. બળતણનાં લાકડાં એ ધણિયામાના ઝાડેથી તોડી શકે. એને બીડી પીવા તમાકુ રોજ મળે. (કોકવાર તાડી કે દારૂ પીવાના પૈસા પણ મળતા). એ કે એના પરિવારનું કોઇ માંદું પડે તો દવા પણ ધણિયામો કરાવે. હાળી ઘરડો થાય અને કામ ન કરી શકે તો ય એને પોસવો પડે. હાળણને જમવાનું તથા મહિને ૨ થી ૫ રૂપિયા, વરસ દિવસે એક લુગડું તથા ક્યાંક દિવાળીએ એક બે સસ્તાં ઘરેણાં મળે. ગોવાળિયાને જમવાનું મળે. વારતહેવારે સારું જમવાનું તથા વરસ દિવસે સેંથી ખમીસ ટોપી મળે. હાળીને બધું વસ્તુમાં મળે, રોકડામાં એની સાથે વ્યવહાર ઘણો ઓછો થાય છે.

મૂળ દેવું :
--------

'દૂબળો ને દેહાઇ કુંધારા નથી રહેતા. દૂબળાને પરણવા માટે વધૂમૂલ્ય ચૂકવવું પડે છે. વળી લગ્નમાં બીજો પણ ખર્ચ થાય. આ પૈસા એ ધણિયામા પાસેથી કાઢે છે. અને હાળી તરીકે એને ત્યાં રહી જાય છે. ઉપર જોયું તેમ એને મજૂરી ખાસ મળતી નથી. વળી કામ ન હોય તે દિવસો માટે એ ધણિયામા પાસે ખાવટી કાઢે છે. (અનાજ ઉછીનું લેવું પડે છે.) મૂળનું દેવું અને આ ખાવટીને પાછા વાળવાની એની શક્તિ હોતી નથી એટલે એ ધણિયામાને ત્યાં કામ કર્યા કરે છે. એ દેવું જીવનભર વળતું નથી. એટલે એનો દીકરો એ વાળવા હાળી બને છે.

હાળીને દેવું વાળવાની કંઇ ઉતાવળ નથી હોતી. હાળી તરીકે એને ચોક્કસ રીતે રોટલો મળ્યા કરે છે. થોડી બીજી સવડો પણ પૂરી પડે છે. ધણિયામાને પણ દેવું પાછું મળી જાય એની ઉતાવળ કે તમા હોતી નથી. એને તો જોઇએ ત્યારે અને જોઇએ તેવું કામ કરનારો મળી રહે છે. બંને એકબીજાને છોડવા રાજી હતા નહીં.

દૂબળો હાળી તરીકે શા માટે ચાલુ રહે ?
--------------------------

લેખક આનાં કારણો વિસ્તારથી તપાસે છે. હાળી પ્રથામાં ગુલામીનો અંશ દેખાય છે છતાં દૂબળો હાળી થવા તથા તે તરીકે ચાલુ રહેવા માટે ઘણા સંજોગોમાં તૈયાર રહે છે. (૧) રૂઢ અને પરંપરા આધારિત સમાજોમાં રોજગારી માટેના વ્યવસાયો ખૂબ ઓછા હોય છે. એમાં એક ખેતી મુખ્ય વ્યવસાય હોય છે. બીજાઓ તો પોતપોતાનો પેઢીઓથી ચાલ્યો આવતો ધંધો કર્યા કરે. હાળી પ્રથાથી હાળી માટે રોજગારી તો નિશ્ચિત થઇ જ જાય છે. એને રોજી રોટી માટે બીજે પ્રયત્ન કરવો પડતો નથી. (૨) ખેતમજૂરીમાં પણ કેટલોક વખત મળે, કેટલોક વખત ન પણ મળે. (દા.ત. ભાતની રોપણી પછી થોડા દિવસ તો કંઇ જ કામ નથી ચાલતું.) તેને જે દિવસોમાં બેરોજગારી હોય ત્યારે શું કરવું ? હાળીને તો કામ હોય કે ન હોય રોટલો તો મળી જ રહે છે. (૩) તેવી જ રીતે હાળીના ઘરનાં બધાંને



જ આ પ્રથામાં સંરક્ષણ મળે છે. એમને કામ વગર અને રોટલા વગર રહેવું પડતું નથી. (૪) હાળી ઘરડો થાય ત્યારે પણ એને ધણિયામો સંરક્ષણ આપે છે. (૫) હાળીને રોજી રોટી ઉપરાંત બીજું બધું ઘણું વગર પૈસે-કપડાં, ઘરઠામણી, મળે છે. એ છૂટો હોય તો એને બધું કિંમત આપીને લેવું પડે છે. જે કદાચ ઘણું મુશ્કેલ થઇ પડે. (૬) એને પરણવા માટે પણ પૈસા મળી રહે છે. (૭) ધણિયામાની સાથે એને ઘણો અનૌપચારિક, ગાઢ, ઘરનાં માણસ જેવો જ સંબંધ હોય છે. છૂટક ખેતમજૂરોનો જમીનમાલિક સાથે આવો સંબંધ હોતો નથી. આ એક ઘણો મોટો લાભ દૂબળાના પક્ષે છે. એટલે દૂબળાને મજૂરીની સાથે સાથે આશ્રય પણ મળે છે. તેને આ સંબંધો તોડવા ગમતા નથી.

ધણિયામો હાળી શા માટે રાખે છે ?
-------------------------

ધણિયામો પણ આ સંબંધ ચાલુ રાખવામાં લાભ જ જુએ છે. (૧) જે વખતે ઘણા મજૂરો જોઇતા હોય તે વખતે ભરોસો રાખી શકાય એટલી મજૂરોની છત માત્ર પોતાના હાળી રાખવાથી મળી શકે. એ પોતાના મજૂરો અવસરે ન હોય તો અનાવિલો તો જે ખેતી કરતા-ભાત, શેરડી વગેરે- તે બધી નકામી જાય એવો ભય હતો. (૨) અનાવિલો-ખાસ કરીને દેસાઇઓ- પોતાને બાદશાહ કહેવડાવતા. એઓ જાતે કામ કરવામાં નાનમ માનતા. પોતાના બંધક મજૂરો હોય તો તેમની પાસેથી કામ લઇ શકાય અને જાતે કામ ન કરવું પડે. (૩) અનાવિલોના સામાજિક દરજ્જાને નિર્ણિત કરનારાં પરિબળોમાં એમની (દરેકની) પાસે કેટલા હાળીઓ છે તે પણ એક હતું. જેમ વધુ હાળી તેમ દેસાઇ વધુ મોટો. (૪) દેસાઇઓના રીતરિવાજો નિભાવવામાં દૂબળાઓનો મોટો ફાળો હતો. લગ્નમાં તો દૂબળા વગર ચાલે જ નહીં. (૬) બાદશાહ હોય તો બીજાને સમાશ્રય પણ આપે. દેસાઇ દૂબળાને પોસે એટલી ભાવના પણ એનામાં હતી. (૭) દૂબળો નાસતો નહી, નાસી જાય તો બીજાં ગામોમાં પણ અનાવિલો જ હોઇ એમને કામે રાખતા નહીં. એટલે ધણિયામાને દૂબળાને વશમાં રાખવા ખાસ તકલીફ લેવી પડતી નહીં. ખરેખર તો દૂબળો એના ધણિયામાને વફાદાર જ રહેતો, અને કામ પણ શિસ્તપૂર્વક કરતો. આમ હાળી પ્રથામાં ખેતમજૂરને આઝાદી ન હતી પણ આ ખામી એમાં રહેલ સમાશ્રયથી ધ્યાનમાં પણ આવતી ન હતી. આગળ જોયું તેમ બંને પક્ષને સંતોષ હતો.

હાળી પ્રથામાં પરિવર્તન :
------------------

છતાં ય પ્રથામાં ઘણાં પરિવર્તનો આવ્યાં (આખું પુસ્તક જ એ વિષય પર લખાયું છે.) હાળીઓ લગભગ છૂટા થઇ ગયા. આ પરિવર્તન માટે જવાબદાર પરિબળો કયાં છે તે જોઇએ : (૧) નાઇબોર નામના લેખકના મતને અનુસરીને એક કારણ એ આપી શકાય કે જમીનવિહોણા મજૂરોની સંખ્યા વધતી જવાથી એક માગે બે મજૂર મળે એવી સ્થિતિ આવી જવાથી હાળી પ્રથાથી બંધાયેલ મજૂર રાખવાની આવશ્યકતા જ ઓછી થઇ. આ પ્રથા તો મજૂરો ઓછા હોય તો જ ઉપયોગી થઇ પડે. બ્રેમન આ મતને બહુ વજનદાર માનતા નથી. અનાવિલો કરતાં દૂબળાની વસ્તી વધી છે ખરી પણ વધેલી વસ્તીને હાળી પ્રથામાં આવેલ પરિવર્તનની સાથે સીધો સંબંધ દેખાતો નથી. એને માટે તો બીજાં કારણો શોધવાં જોઇએ. (૨) આના જેવી બીજી

એક આર્થિક દલીલ એમ કરવામાં આવે છે કે બધી ચીજવસ્તુઓ (કપડાં, તમાકુ, લાકડાં, દવા, ઘાસ વગેરે વગેરે) જે હાળીને આપવી પડે તેની કિંમતો એટલી બધી વધી ગઇ કે એ આપવું ધણિયામાને પોસાવા ન લાગ્યું. એના કરતાં તો રોજનો જે દર હોય તે આપી દેવું લાભકારક થાય. આમ અનાવિલો હાળીને બદલે છૂટક મજૂર રાખવા પ્રેરાયા ને હાળી પ્રથા ઢીલી થઇ ગઇ. લેખક આ દલીલને પણ મહત્વની નથી માનતા. એઓ એમ કહે છે કે ચીજવસ્તુઓને પૈસામાં મૂલવવામાં જ આવતી ન હતી. વળી હાળીને અપાતી કુલ મજૂરીમાં આ વસ્તુઓનો હિસ્સો તો નજીવો જ હતો. મજૂરી રોકડમાં અપાતી જ ન હતી. તો પછી કિંમત વધે તેથી શું ? (૩) બીજા વિશ્વયુધ્ધ સુધીમાં અનાવિલ ખેડૂતોની સ્થિતિ એટલી બધી નબળી થઇ ગઇ કે એમને જમીન વેચી દેવી પડી. શહેરોમાં નોકરી લેવી પડી. આમ એમને હાળી રાખવા પાલવ્યા નહીં. જે શહેરમાં જઇ રહયા તેમને એમની જરૂર જ ન રહી. (૪) આ જ અરસામાં દક્ષિણ ગુજરાતમાં જમીનમાંથી લેવાતા પાકોની તરાહ જ બદલાઇ ગઇ. જુવાર કપાસને બદલે હવે લોકો બાગાયતી ખેતી તરફ વળ્યા. તેમાં ય કેરી અને ચીકૂની ખેતી ઘણી પ્રસરી. આ ખેતીમાં મજૂરો ઓછા જોઇએ અને થોડો વખત જ જોઇએ, જે છૂટક મજૂરીથી પણ ચાલી શકે. આને લઇને હાળી રાખવાની જરૂર જ ન રહી. (૫) આગળ ચર્ચા થઇ છે તે પ્રમાણે દૂબળાઓ મુંબઇ ઈંટ પાડવા કે મીઠું પકવવા જતા હતા. જેમ જેમ આ વિસ્તારમાં ઔધોગિકરણ વધવા લાગ્યું તેમ તેમ દૂબળાઓ ઔધોગિક મજૂર તરીકે જોડાઇ ગયા. આ મજૂરીમાંથી જે થોડા પૈસા બચતા તેમાંથી લગ્ન વગેરેનો ખર્ચ પણ થઇ શકવાથી એમને અનાવિલો પાસેથી પૈસા ઉધાર લેવાની આવશ્યકતા ન રહી. બહાર મજૂર તરીકે એમને આઝાદ હોવાનો સ્પર્શ થયો. એક [illegible] દૂબળાં નારી કહે છે :

માડી રે હું તો મુંબઇ જવાની
મુંબઇ જતે તો માડી ઝીણા ચોખા ખાતો રે.
મુંબઇ જતે તો માડી ફુટપાયલી પર ચાલતે રે
માડી રે તો મુંબઇ જવાની.

એટલે દૂબળાઓએ હાળી પ્રથાનાં બંધનો છોડવા માંડયાં. (૬) એમનામાં શિક્ષણ વધવા લાગ્યું એટલે શિક્ષિત દૂબળાઓ પ્રથાની વિરૂધ્ધ થઇ ગયા. (૭) કેટલાંક રાજકીય પરિબળોએ હાળી પ્રથાને તોડવામાં ઘણો ફાળો આપ્યો. પહેલાં તો અધિકારીઓ નાસી જતા હાળીને શોધવામાં મદદ કરતા એવું નોંધવામાં આવ્યુ છે. જેમ જેમ વહીવટ વધાર ને વધારે બુધ્ધિપુર:સરનો થવા માંડયો તેમ તેમ અધિકારીઓ - ભલે અનાવિલ જ્ઞાતિના હોય- આ બાબતમાં પડતા નહીં. એટલે પ્રથાને ટકાવી રાખનાર આ મોટું બળ ઓસરી ગયું. (૮) મહાત્મા ગાંધીજીનો આ પ્રથા તોડવામાં ઘણો ફાળો રહયો- ઘરઆંગણે ગુલામો રાખીને આપણે અંગ્રેજો પાસેથી દેશની આઝાદી કેવી રીતે માંગી શકીએ એમ એઓ કહેતા. હાળીમુકિત એ આઝાદીની લડાઇનો જ એક ભાગ હતો. આનાથી હાળીમુકિતની ચળવળને ઘણું બળ મળ્યું. (૯) સરકારે પણ હાળીમુકિતના તથા લઘુતમ મજૂરીના કાયદાઓ કર્યા. આનાથી પણ હાળી પ્રથા ઉપર ફટકો પડયો. (૧૦) દક્ષિણ ગુજરાતની આર્થિક વ્યવસ્થા પરંપરાગત મટીને હવે બજારની આર્થિક વ્યવસ્થા થવા માંડી. પરંપરાગત





અર્થવ્યવસ્થામાં આર્થિક સંબંધો પણ પરીપાટીથી; રિવાજથી ચાલિત થાય, બજારની અર્થવ્યવસ્થામાં આર્થિક સંબંધો મોટે ભાગે બજાર, ભાવ, ઉત્પાદન, વગેરે આર્થિક પરિબળોથી જ પરિચાલિત થાય. હાળી પ્રથા .. રૂઢ સમાજની એક લાક્ષણિક ઉપજ હતી. બજારની અર્થવ્યવસ્થા થવાથી એ કુદરતી રીતે જ ઢીલી થઇ ગઇ.

...

- ઠાકોરભાઈ નાયક

(ચીખલી ગામમાં શું ચાલે છે ? )

<u>મંડાણ</u> : લેખક છેલ્લા બે લેખોમાં સમાશ્રય અને શોષણની બૃહદ અને સ્થાનીય પાર્શ્વભૂમિ આપેલી તેની ચર્ચા કરી છે. લેખક જે પ્રશ્નને ક્ષેત્રમાં સમજવા માગતા હોઈ દક્ષિણ ગુજરાતનાં બે ગામો -ચીખલી અને ગણદેવી-પસંદ કરે છે. થોડો વખત વડોદરા, સુરત વગેરે જગ્યાઓએ અભ્યાસ અર્થે ફરી, જાણકારોને મળી ક્ષેત્રમાં જાય છે. (ક્ષેત્રકાર્ય કેવી રીતે કરે છે તેના. વિષે એક સ્વતંત્ર લેખ જોઈશે એટલે તેની સ્વતંત્ર વિગતો અહીં અપાતી નથી.) અને ચીખલી ગામમાં તપાસ શરૂ કરે છે. તેમણે જે જોયું અને તારવ્યુ તે આ પ્રમાણે છે :

<u>ગામનું સ્થાન</u> : જૂના સુરત જિલ્લામાં (હવેના વલસાડ જિલ્લામાં) પશ્ચિમ તરફના ગીચ વસ્તીવાળા અને ફળદ્રુપ મેદાનો અને પૂર્વના બીનઉપજાઉ જંગલ વિસ્તારની વચ્ચે ચીખલી તાલુકો આવેલો છે. એનું મુખ્યાલય ચીખલી ગામ છે. એની વસ્તી પુસ્તકનું ક્ષેત્રકાર્ય થયું ત્યારે લગભગ ૫૦૦૦ ની હતી. અહીં સરકારી કચેરીઓ, હોસ્પિટલ અને હાઈસ્કૂલ છે. થોડા ડોક્ટરો અને વકીલો પણ છે. અહીંની દુકાનોમાં આસપાસના ગામવાસીઓને જોઈતો માલ વેચાય છે. એમની ઉપજ અહીં ખરીદાય છે.પણ ખરી. નેશનલ હાઈવે અહીંથી જ પસાર થાય છે, જેના પર વાહનોની સારી એવી અવરજવર રહે છે. રાજ્યમાં તથા અન્ય રાજ્યોમાં જતી બસ અહીંથી નીકળે છે. પશ્ચિમે ૯ કિ.મી. પર પશ્ચિમ રેલવેનું બીલીમોરા રેલવે સ્ટેશન છે. જ્યાં જવા માટે વારંવાર બસો મળ્યા કરે છે. એટલે ચીખલીનો બહારની દુનિયા સાથે સારો એવો સંપર્ક છે.

જે બે ગામોનો લેખકે અભ્યાસ કર્યો છે તેમાંનું એક 'ચીખલી ગામ' છે. (ચીખલી નથી, ચીખલીથી ૬ કિ.મી. દૂર કાચા રસ્તા પર આવેલું છે.) આમ તો હાઈવેથી જઈએ તો ૪ કિ.મી. હાઈવે પર અને પછી ૨ કિ.મી. કાચે રસ્તે જવાય. ચોમાસામાં ગામ સાથે વહેવાર ઓછો થાય છે, ત્યારે લોકો હાઈવે સુધી ચાલી નાખીને બસ પકડે છે. સૂકે દહાડે હાઈવેવાળો રસ્તો માત્ર સાયકલવાળાઓ જ પકડે છે. બે ગામવાસીઓ સ્થાનિક છાપું ખરીદે છે, એક જણ પાસે રેડિયો છે. (:લેખકના ક્ષેત્રકાર્ય દરમ્યાન એ બંધ પડેલો હતો.) ગામમાં વીજળી, નળ તથા બીજી આધુનિક સેવાઓ નથી.

ગામ જાઓ તો પહેલાં જરાયત ખેતરો આવે, જેમાં ઘણાં ઝાડો જોવા મળે છે, ત્યાર પછી સૂકાં નાળાં અને કોતરો બાંધીને બનાવેલી ક્યારીઓ આવે છે, અને છેલ્લે ગામને પૂર્વ છેવાડે નદીને કાંઠે કાંઠે વાડીઓ નજર પડે છે.

<u>વસ્તી</u> : ગામની ૧૯૫૧ માં વસ્તી ૯૦૦ અને ૧૯૬૧ માં ૧૮૦૦ હતી. (ઘણા મજૂરોએ બહાર ગયેલા તે ૧૯૫૧ માં ગણાયા જ ન હશે.) ગામની જ્ઞાતિવાર વસ્તી આ પ્રમાણે છે :

ઉચ્ચજ્ઞાતિયો : અનાવિલ ૧૨૫, અને વાણિયા ૫, મધ્ય જ્ઞાતિઓ : દરજી, ઘાંચી, વાળંદ, મોચી, વૈરાગી ઉપ્ર નીચી જ્ઞાતિઓ (જનજાતિઓ) ધોડિયા ૧૩૬૦, દૂબળા ૨૦૦, હરિજનો, ગરુડા અને ઢેડા ૯૦, મુસલમાન દુકાનદાર અને હજામ ૫, ધોડિયા તો ગામની બહાર જ ૯-૧૦ ફળિયામાં રહે છે. ગામ સાથે ખાસ એમનો સંબંધ પણ નહીં જેવો જ. ગામ કેન્દ્રમાં અનાવિલો અને દૂબળાની જ વધુ વસ્તી છે.

પ્રભાવી જાતિ અનાવિલો. તેઓ પોતાનાં જ ફળિયામાં મોટાં અને સુઘડ ઘરોમાં રહે છે. ત્યાં વાણિયા સિવાય બીજા કોઇ રહેતા નથી. બીજા ફળિયામાં મોચી અને ઘાંચી રહે છે. અહીં દુકાનો પણ છે. આમનાં ઘરો ઈંટનાં પણ નાનાં છે. બીજાં ઘરો કાચાં અને નળિયાનાં છાજવાળાં છે.

દૂબળાનાં છાપરાં ગામમાં સૌથી નબળી દશામાં છે. એક ઓરડો હોય, કાચી દીવાલનું બાંધકામ હોય, છાજ એટલું નીચે લટકતું હોય કે વાંકા વળી અંદર જઇ શકાય. ગામને છેવાડે ઢેડા અને ગરુડા રહે છે.

જ્ઞાતિઓના આંતર સંબંધો :
------------------

ગામનો વસવાટ ક્યારે થયો હશે એતો કહી શકાય એમ નથી. પણ એવું અનુમાન થઇ શકે ખરું કે પશ્ચિમના મેદાનોમાંથી અનાવિલોએ આવીને ગામ વસાવ્યું હશે અને બીજી જ્ઞાતિનાં માણસોને ત્યાં વસાવ્યાં હશે. (એટલે જ એમને'વહવાયા' કહેવાય છે.) અનાવિલોને બધી જ્ઞાતિઓ પર થોડો થોડો આધાર રાખવો પડે છે. પણ દૂબળાઓ પર એમનો મુખ્ય આધાર છે. ભારતમાં જુદી જુદી જ્ઞાતિયો પ્રભાવી જાતિ માટ જે કામ કરે તેમાંનું ઘણું ખરું દૂબળાઓ અનાવિલો માટે કર, (પાણી લાવવું, કચરો વાળવો, કપડાં ધોવાં વગેરે)

ઉપર બતાવ્યુ તે ધોડિયા લગભગ સ્વનિર્ભર છે. દુકાનોમાંથી કે ગામનિવાસીઓ પાસેથી ક્યારેક કંઇ સામાન સેવા સાધનો મેળવે ખરા.

અર્થવ્યવસ્થા :
--------

અર્થવ્યાવસ્થામાં જમીન વહેંચણી આ પ્રમાણે છે :

| જ્ઞાતિ | ટકા વસ્તીમાં | મિલકત એકર | ટકા | બાગાયત એકર | ટકા |
|---|---|---|---|---|---|
| ધોડિયા | ૭૩ | ૩૫૦ | ૪૪ | ૭ | ૭.૫ |
| દૂબળા | ૧૦ | ૩૩ | ૪ | ૪ | ૪ |
| અનાવિલો | ૭ | ૨૯૭ | ૩૭ | ૭૭ | ૮૧.૫ |
| હરિજન | ૫ | ૪૮ | ૬ | ૩ | ૩ |
| મોચી | ૩ | ૪૭ | ૬ | - | - |
| વાણિયા | ૨ | ૧૦ | ૧ | - | - |
| બીજા બહારના | | | | | |



ધોડિયાની વસ્તી વધુ છે, જમીનના ૪૪ ટકા જમીન ધરાવે છે. એમની પાસે બાગાયત જમીન ઓછી છે. દૂબળાઓ જમીન ખાસ ધરાવતા નથી. અનાવિલો વસ્તીમાં ઓછા છે માત્ર ૭ ટકા પણ જમીન એમની પાસે ૬૭ ટકા જેટલી છે. (વસ્તીના પ્રમાણમાં જમીન ધારકતા વધુ છે.) એમની પાસે બાગાયત જમીનનો મોટો ભાગ છે. બીજી જ્ઞાતિઓ પાસે જમીન ઓછી છે, અને બાગાયતો લગભગ નહીંવત્ છે.

ગામના દૂબળાઓ બહાર જઇને મજૂરી કરે છે. ધોડિયા ખેતી કરે, ખેતમજૂરી પણ કરે. જય અનાવિલોથી સ્વતંત્ર છે છતાં અનાવિલો એમને દબાવેલા રાખે છે. દારૂ ગાળવાનો કોઇ કેસ થાય તો ધોડિયાને પકડવા પોલીસ આવે તો અનાવિલો પોતાની લાગવગથી છોડાવી દે. બીજી જ્ઞાતિઓ સંખ્યામાં ઓછી હોવાથી એમનું ગામમાં કશું ચાલતું નથી. આમ જમીન વધારે હોવાથી ઊંચી જ્ઞાતિ હોવાથી તથા બીજી બધી રીતે અનાવિલો પ્રભાવી જ્ઞાતિ તરીકે ગણી શકાય.

ખેતીની પ્રવૃત્તિઓ :
-------------

ગામમાં પાકોની જાતો ઓછી કરી દેવામાં આવી છે. લગભગ કેરી ઉપર જ મુખ્ય આધાર રખાય છે. કેરીની આવકને લઇને અનાવિલોનો સામાજિક મોભો પણ ઊંચો થયો છે. એમાં ઘણા મજૂરો નથી જોઇતા. મજૂરો ઓછા હોય તો ચાલે. વળી થોડા દિવસ પૂરતા જ મજૂરો જોઇએ. એટલે દૂબળા સ્થળાંતર કરે તોય ચાલે, જ્યારે મજૂરો જોઇતા હોય ત્યારે તો બહાર ગયેલા દૂબળા આવીને આ ગામમાં ખેતીમાં મદદ કરી શકે છે, કારણ કે ત્યાં કામ ચાલુ હોય ત્યાર અહીં ઓછું હોય છે. અનાવિલો પણ શહેરમાં જવા લાગે છે. તો આ બંને વધુ પ્રમાણમાં બહાર જવા લાગી છે. દૂબળાઓ ગામમાં કામ નથી મળતું એટલે સ્થળાંતર કરની છે. અનાવિલો નોકરી શોધવા અને પછી કરવા બહાર જાય છે. નોકરીવાળો અનાવિલ કેરી/મોસમમાં ઘરે આવી શકે છે. આમ એ નોકરી અને એક-પાકી ખેતી બંને કરે છે. અને દૂબળાઓને મજૂરી આપી 'ઉપકાર' પણ કરી શકે છે.

દૂબળા શું કરે ? :
-------------

૩૨૭ માંથી ૯૬ ગામમાં કામ કરે છે. એમાંના ૩૮ ખેતીમાં છે. આ ૩૮ માંથી ૨૧ ખેતમજૂર છે, ૧૧ દૈનિક મજૂર છે અને ૬ પોતાની જમીન ખેડે છે. ૫૨ (બાવન) દૂબળા ઈંટ પાડવા માટ બહાર ગયેલા છે. ખેતીમાં મજૂરી ઓછી થઇ ગઇ છે પણ માલીક સાથે જોડાયેલા મજૂરોના પ્રમાણમાં ફેર પડયો નથી. આજે કોઇ હાળી નથી, ઈંટવાડામાં ગયેલા જુવાનિયા જ ખેતમજૂરી કરે છે. જીવનપર્યન્તના સંબંધો બંને પક્ષ ટકાવી રાખતા નથી લાગતા. વળી અનાવિલો પણ એમને ઉધાર ન આપે, એક બીજામાં વિશ્વાસ નથી રહયો. ગુલામી હવે એક વ્યાપારિક કરારમાં ફેરવાઇ ગઇ છે. માલિકના ઘરમાં મજૂર ખાસ કામ ન કરે.

દૂબળીઓ હાળણ હવે નથી હોતી. છોકરાં પણ અનાવિલ ઘરે કામ ન કરે. ગોવાળિયાઓને અલગ પૈસા મળે. તે હાળીનો છોકરો નથી હોતો પણ બીજો જ કોઇ હોય છે.

મજૂરીમાં ફેરફાર :

૬૦૦ વર્ષ પહેલાંનું ભાતું, ૨ શેર જુવાર / ૪ શેર ભાત અથવા આઠ આના મજૂરી ચાલુ છે. આજે પણ એ બધાં દલાણનાં તત્વો તરીકે વપરાય. દૂબળીને એક રૂપિયો આપે. દેવું વસુલ ન થયું હોય તો ઇંટવાડે જઇને પણ લાવે છે.

બીજા અનાવિલોને ત્યાં આ દૂબળાઓ જાય તો બીજો માલીક એનો જવાબદાર નથી. કોઇ મજૂરને જીવનપર્યન્ત નભાવતો નથી. છ દૂબળા કામ કરતાં ઘરડા થયા એટલે એમણ ગોવાળિયા તરીકે રહેવું પડ્યું.

ગામમાં ન રહેવાય એટલે ઇંટવાડ જાય વધુને વધુ લોકો. ત્યાં પણ ધંધો મંદો, ત્યાંનો વહીવટ સારો નહીં. એટલે ખોટમાં જાય. બહુ કામ ન મળે છતાં ત્યાં જવાની તીવ્ર ઇચ્છા તો ખરી જ દૂબળાઓની.

લગ્ન વિચ્છેદ :

ઇંટવાડાવાળાનાં બૈરાં પિયર જતાં રહે અથવા ફરી પરણે, ફારગતી ઘણી થાય. (લેખક ૧૬ જેટલી ગણી.)

છોકરાને સગાં ઉછેર : ૨૩ તો માબાપ ન હોય તેવાં ઘરોમાં, ૧૯ ને શહેરમાં કામ મળે છે. ઘણા બધાને નથી મળતું. શહેર ગયેલા બેકાર થાય કે ઘરડા થાય એટલે ગામમાં આવે જે ચોમાસિયા મજૂર થઇ ચાર વાઢવા માંડે.

જે આવે (મુંબઇથી) તે દેવાદાર હોય એટલે અનાવિલો તેને કામે લે. એના કુટુંબીને પણ તેડે. આમ દૂબળા જૂના દેવા અને નવા ઉધારથી દબાયેલાં જ રહે.

અનાવિલો :

શહેરી થવા લાગ્યા છે, બેઠાડુ છે, નોકરી માટે પ્રયત્નશીલ રહે છે, એમને ગામમાં ન ગમે. એમનો દૈનિક કાર્યક્રમ જુઓ : ચા-નાસ્તો-સ્નાન-ભોજન-ઉંઘ-વાડી જઇ આવવું-ચા-રાત્રિ ભોજન.

કેટલાકને માટે દૂબળો ખુરશી ઉચકી જાય. ત્યાં કામ નથી કરતા, દૂબળા મજૂર કામ કરે તે જુએ. જાત મહેનત નથી કરતા. એમનામાં 'દેખાઇ આવતી' સાહેબી અને 'દેખાઇ આવતો' એશઆરામ ખાસ જોવા મળે છે. અનાવિલો ગામ બહાર લાગવગ વધારવા પ્રયત્ન કરે છે. દૂબળાઓ એમને 'ભાઇ' કહે. અનાવિલો મોટા ભાઇ તરીકે જ વર્તે. ભાતું આવે, ગુસ્સે ન થાય, વળી દૂબળા મજૂરને સંકટમાં મદદ કરે.

વર્તમાન સંબંધો (ખેતમજૂર અને જમીન માલિકના) :

૧. ખાવટીને ઉધાર ગણવામાં આવે છે.

૨. બધા મળીને વેતન નક્કી કરે એટલે ગામ આખામાં એક જ મજૂરીનો દર હોય છે.

૩. અનાવિલો દૂબળા મજૂરોની આજીજીને નથી માનતા.

૪. દૂબળાને લાગે છે કે તે ખૂબ જ હીન દશામાં છે અને ગરીબ થઇ રહ્યાં છે.





૫. અનાવિલોની દેખીતી મિલકત વધી છે.

૬. અનાવિલો દૂબળાને હવે આળસુ, અપ્રમાણિક અને ઉદ્ધત કહે છે.

૭. અનાવિલો 'આપવું ઓછામાં ઓછું અને લેવું વધારેમાં વધારે'ના સિદ્ધાંતમાં માને છે. દૂબળાની છાપરીએ જવું પડે તેની નાનમ લાગે.

૮. દૂબળાઓને એમ લાગે છે કે અનાવિલોની સંપત્તિ એમની મહેનતથી બની છે, એકઠી થઇ છે.

૯. અનાવિલો એનો વિશ્વાસ નથી કરતા આથી દૂબળો ગુસ્સો કરે છે.

૧૦. બંનેના સંબંધો હવે અવૈયક્તિક થઇ ગયા છે.

૧૧. હવે તો રદ્દીમાં રદ્દી કામ દૂબળાઓ પાસે રહ્યું છે.

૧૨. દૂબળા ભણેલા નથી. ખેતમજૂર હોય એવા અભણ દૂબળાને કોઇ છોકરી પરણવા પણ તૈયાર થતી નથી.

૧૩. જૂના સંબંધનો સહારો લેવા કરે, પણ બંનેમાંથી કોઇ ફાવતું નથી.

૧૪-૧૫. દૂબળાઓ પાસે અનાવિલોનો પ્રતિકાર કરવાની તાકાત નથી. એઓ સંગઠિત પણ નથી થયા. રાજકીય પક્ષો પણ એમને કંઇ મદદ કરતા નથી. એટલે દૂબળો વ્યક્તિગત રીતે લડી લે છે પણ પાછો પડે છે.

...

## સમાશ્રય અને શોષણ - ૪

### ( ગણદેવી ગામમાં ગુલામીની ગૂંજ )

- ઠાકોરભાઇ નાયક

**ગણદેવી ગામ :**

દક્ષિણ ગુજરાતમાં ગણદેવી ફળદ્રુપ અને ઉપજાઉ ભૂમિમાં આવેલો તાલુકો છે. તેનું મુખ્ય ગામ ગણદેવી છે. ગણદેવી ગામ તેની પાસે આવેલું છે, જેને સુરત સાથે અસલથી સંબંધ સારો. સુરતની ચડતી પડતી સાથે દક્ષિણ ગુજરાતની ચડતી પડતી સંકળાયેલી છે. મરાઠાઓના વખતમાં અશાંતિ રહેલી. ગણદેવી ગામની આજુબાજુની જમીન ૧૮ મી સદીમાં વણજોડાયેલી હતી, જેવા ઉલ્લેખો મળે છે. પણ અંગ્રેજો અને ગાયકવાડની વચ્ચે સુલેહ થઇ, શાંતિ સ્થપાઇ અને ગાયકવાડનું રાજ્ય અહીં ફેલાયું. ગણદેવી ગામમાં એક દેસાઇ કુટુંબ રહેતું હતું, જે મોગલોના જમાનાથી જમીન મહેસૂલ વસુલ કરતું.

ગામ અંબિકા નદીના કિનારે છે. ગણદેવીનું મહત્વ ઘટવા માંડયું અને બીલીમોરા મોટું થયું. ત્યાં જ વેપારનું કેન્દ્ર છે. ગણદેવીની વસ્તી ૧૯૬૧ માં ૧૧૦૦૦. અહીં ખાંડનું મોટું કારખાનું, હાથશાળો અને સરકારી કચેરીઓ છે. આને લઇને પણ એનો વિકાસ થયો. આઝાદી બાદ ગણદેવી તાલુકો થયો, પછી વલસાડ જિલ્લામાં આવ્યું.

ગણદેવીથી ૩ કિલોમીટર પર ગણદેવી ગામ છે. અહીંની જમીન ખૂબ સારી (ચીખલી ગામ કરતાં ઘણી સારી). એ નવસારી જવાના હાઇવે પર છે. અહીંની આંબા-ચીકુની વાડીઓ, શાકભાજી, ભાત, શેરડી, કેળનાં ખેતરો આંખને ઠારે છે. અહીંથી નવસારી ૧૨ કિ.મી. દૂર, બીલીમોરા ૧૦ કિ.મી. ૧૯૬૩ માં એની વસ્તી ૧૦૦૦, અહીં ત્રણ જાતિઓ : અનાવિલ, કોળી અને દૂબળા.

**ઘર-વસ્તી :**

અનાવિલોનાં ઘર સારાં. વાડીમાં ઘરો, જયાં છ આઠ મહિના રહે. કેટલાક ગરીબ એટલે એમની પાસે વાડીમાં ઘર નથી. કોળી લોકોનાં ઘર એક હારમાં નથી, એ બધાં ત્રણ ત્રણ મહોલ્લામાં વિખરાયેલાં છે. એમનાં ઘર નાનાં, જેમાં વીજળી નથી. દૂબળાનાં છાપરાં નાનાં, બીજા લોકોનાં ઘરોથી થોડે દૂર. કેટલાકનાં સારાં નળિયાવાળાં. દૂબળાઓ ૧૯૫૦ સુધી અનાવિલોની વાડીમાં રહેતા. હવે ત્યાંથી ઊઠી ગયા છે, અને ગામમાં રહે છે.

કોળીઓની બે દુકાન છે. જયાં થોડો સામાન મળે. ખાસ ખરીદી માટે નજીકના મોટા ગામે અથવા શહેરમાં જાય. ગામમાં કુલ ૧૮૫ અનાવિલો છે, જેમનાં ૨૬ ઘર છે, ૩૮૧ દૂબળા છે, જેઓ ૬૧ છાપરામાં રહે છે.

**આર્થિક સ્થિતિ :**

એક અનાવિલનું ઘર રૂ. ૩૦,૦૦૦ નું, જયારે દૂબળાનું છાપરું ૧૦૦ નું. એટલો બધો ફેર છે બે વચ્ચે. બીજી વિગતો જુઓ : અનાવિલના લગ્નમાં રૂ. ૫૦૦૦ ખર્ચાય છે, કોળીના લગ્નમાં ૧૦૦૦ અને દૂબળાના લગ્નમાં ૩૦૦ ખર્ચાય છે.

- ૨ -

જમીન ધારકતામાં પણ અનાવિલો અને દૂબળાનું અંતર જણાઇ આવે છે :

૧.

| જાતિનું નામ | એકર | ટકા | વસ્તી | ટકા |
| --- | --- | --- | --- | --- |
| અનાવિલ | ૨૬૦ | ૭૧ | ૨૨૫ | ૨૨ |
| કોળી | ૬૨ | ૧૭ | ૩૫૦ | ૩૫ |
| દૂબળા | ૦.૨૫ | - | ૪૨૯ | ૪૩ |
| બીજા | ૪૨.૫૦ | ૧૨ | - | - |

૨. કોળીમાં ઓછી જમીનવાળા વધુ. વધુ જમીનવાળા ઓછા, અનાવિલોમાં વધુ જમીનવાળા વધુ ઓછી જમીનવાળા ઓછા. ૧૬ કરતાં વધુ એકરવાળા ૯ અનાવિલ અને ૧ કોળી, ૭ થી ૧૬ એકર વાળા ૭ અનાવિલ અને ૨ કોળી, ૩ એકરથી ઓછી જમીનવાળા માત્ર ૩ અનાવિલો છે અને ૨૦ કોળી છે.

૩. વાડી અનાવિલો પાસે વધારેમાં વધારે છે.

૪. કોળીઓ જાતે મહેનત કરે છે, અનાવિલો હાળી રાખે, નોકરી પણ કરે. કોળી જ્ઞાતિ ઉપર આવી રહી છે. એ લોકો બીજાની જમીન ભાગે પણ ખેડે છે, મજૂર તરીકે પણ જાય. કેટલાક દારૂ ગાળી વેચે, નાનો વેપાર (કેરી આદિનો ) કરે, એમનાં બૈરાં શાકભાજીના ટોપલાની ફેરી કરે. પુરુષો બળદ ગાડાં ભાડાથી ફેરવે. એમને દૂબળાની બહુ જરૂર ન પડે.

બહાર કેટલા ? :

| જ્ઞાતિ | ગામમાં રહી ગામમાં કામ કરે | ગામમાં રહી બહાર કામ કરે | થોડો વખત માટે બહાર રહી બહાર કામ કરે | કાયમ માટે બહાર રહી બહાર કામ કરે |
| --- | --- | --- | --- | --- |
| અનાવિલ | - | ૪ | - | ૯ |
| કોળી | ૪ | ૮ | ૬ | ૧૩ |
| દૂબળા | - | ૨૫ | ૫ | ૨૪ |

અનાવિલો સારી અને સરકારી નોકરીમાં જોવા મળે છે. દૂબળા બહાર કામ કરે પણ નીચું, સફાઇ કે સેવાનું કામ કરે. દા.ત. અનાવિલો સ્ટેશન માસ્તર કે ટીકીટબાબુ તો દૂબળો કુલી, ચોકીદાર, ગેંગમેન, સફાઇવાળા હોય. બે દૂબળા કંસારાનું કામ કરે છે. એક ઇંટ પાડવાનું. કોળીઓ દૂબળા કરતાં વધુ પગારનું અને વધુ તકનીકી કામ કરે છે.

જ્ઞાતિ સંરચના અને સત્તા :

ગામમાં અનાવિલો (ભાઠેલા વર્ગના) આર્થિક, સામાજિક, રાજકીય અને ધાર્મિક રીતે સર્વોચ્ચ. પછી કોળી, પછી દૂબળા. બીજી સેવા જ્ઞાતિઓ નથી. શહેર પાસે એટલે સામાજિક માળખું સાદું છે. સેવા કરનાર જોઇતા હોય તો બહારથી બોલાવે, પાસેના ગામમાં હોય તેમને ય તરત બોલાવાય.



- ૩ -

સ્થાનિક ક્ષેત્રીય સમાજમાં જ રાજનૈતિક શક્તિ જોવી જોઇએ (જો કે ગામની પંચાયતમાં ૩ અનાવિલો, ૨ કોળી અને ૧ દૂબળા સભ્યો તરીકે છે.) એટલે વસ્તી ઓછી છતાં અનાવિલોનું વધુ પ્રભુત્વ છે;/ પ્રતિનિધિત્વ છે. મુખી અને પોલીસ પટેલ બંને અનાવિલો છે. પણ ગામમાં એમનું ખાસ ચાલે નહીં, એ લોકો તો અંબિકા કાંઠેના ભાઠેલા ગામોના વર્ગમાં પોતાની સત્તા ગણે, હાઇસ્કૂલ અને સહકારી સમિતિમાં એમનું ચાલે. સ્કૂલમાં બીજાં બાળકો ભણવા આવે, પણ અનાવિલ બાળકો વધુ, માસ્તરો પણ અનાવિલો જ થાય. (એક કોળીને માસ્તર તરીકે ચાલુ રહેવા ન દીધો, તે પૂર્વ આફ્રિકા ચાલી ગયો.) ગામમાં આવેલ સહકારી સમિતિના મકાનમાં અનાવિલો બેઠક જમાવે. સમિતિમાં સૌની ઉપજ આવે, ખરીદાય,. એમાં ૯ ગામના સભાસદો છે જ કુલ ૧૨ જ્ઞાતિના પણ બોલબાલા અનાવિલોની જ. એમને ક્રેડિટ પણ જલદી મળે, તે પણ સહેલી શર્ત પર. (કોળી લોકોને લોન ન મળે, એઓ નાના ખેડૂત હોઇ ... સામાજિક રીતે નીચા ગણાય.) અનાવિલો બધા એક સમૂહ તરીકે જ વર્તે છે, અનાવિલ પ્રમુખે આસપાસના અનાવિલો તથા બીજા વગદાર માણસોને પોતાની દીકરીના લગ્નમાં જમાડયા, આસપાસનાં ગામોના ૧૦ મોટા માણસોમાં એક ગણાશે. બીજી જ્ઞાતિઓ ચઢે તે અનાવિલોને ન ફાવે. (એક વાણિયો ઊંચો થવા ગયો તો કાઢયો). એક લુહારે પોતાના લગ્નમાં જમણવાર મોટું કર્યું તથા કેરીનો વેપાર કરવા માંડયો. તેને નનામી ચીઠી લખી હેરાન કર્યો. પેલાએ વેપારમાંથી હાથ પાછા ખેંચી લીધા.) કોળી કેરીનો વેપાર કરે. તેના ઘરાકને ભરોસો કે એ કેરીના પૈસા આપે એવો નથી. અનાવલા જાતે વેપાર કરે એટલે બીજાને ઊભા ન રહેવા દે. ૧૯૫૭ ના ગણોત કાયદામાં પણ અનાવલાની જમીન ન ગઇ. કોઇ ગણોતિયો જમીન પર દાવો જ ન કરે.

હવે શક્તિની તુલાનું અનાવિલોનું પલ્લું ઊંચું જવા લાગ્યું છે. કોળીઓ જરા વજનદાર થવા માંડયા છે. એઓ અનાવિલોનો છડેચોક પણ નરમ વિરોધ કરે છે છતાં હજી અનાવિલોનું ઘણું ચાલે છે. વીજળી આવી તે એમના જ ઘરોમાં. કોળી હજી અનાવિલોની જમીન ભાડે ખેડે એટલે અનાવિલોનો તીવ્ર વિરોધ ન થાય.

પાકનું વિવરણ :

| પાક | એકર |
| --- | --- |
| ફળફળાદિ | ૧૩૧ |
| ઘાસ | ૬૬ |
| કઠોળ | ૫૭ |
| ભાત | ૫૪.૫ |
| આદુ કંદ સૂરણ | ૩૭.૫ |
| કેળાં | ૩૪ |
| શેરડી | ૧૦ |
| કુલ | ૩૯૦ |

પહેલાં શેરડી થતી હવે તો પાકની તરાહ બદલાઈ ગઈ છે. પાકોનું વિશેષીકરણ અને વ્યાપારીકરણ થયું છે. કેરી વધુ થવા માંડી છે, વળી ખેતી ઘનિષ્ઠ થવા લાગી છે. (ચીખલી કરતાં વધુ ઘનિષ્ઠ છે.

પહેલાં હાળી રાખતા, અનાવિલો પણ ખેડવા લાગતા, ખેતરમાં કામ કરતા, કેટલાક ખૂબ પૈસાવાળા થયા (એક જણે તો પણ લીધેલું કે મહેમાન વગર જમવું જ નહીં.) છતાં હાથે કામ કરતા હોવાથી જ્ઞાતિમાં એમને નીચા તો ગણતા જ. હાળી અને એમની વચ્ચે અંતર ઓછું. અનાવિલ બૈરાં પણ કામ કરતાં. છેલ્લા બચાર દાયકામાં આ સંબંધો બદલાયા.

૧. અર્થવ્યવસ્થા ખૂલ્લી થઈ ગઈ.

૨. પૈસાનું ચલણ વધ્યુ

૩. ખેતીનું વ્યાપારીકરણ થયું, તેમજ

૪. એનું આધુનિકરણ પણ થયું.

વ્યાપારીકરણમાં સહાયક થયાં સહકારી સમિતિ, વાહનવ્યવહારની સગવડ અને શહેરોની આબાદી. રોજના વપરાશની ચીજો પણ બહારથી આવી. અનાવિલોએ પોતાનો દરજ્જો સુધારવા માંડયો. ખેતીમાં કામ ઓછું કરવા માંડયું. એમની લગ્ન બજારમાં પૂછપરછ થવા લાગી. એમનાં ઘરોમાં સોફાસેટ, રેડિયો, ટેલીફોન, વીજળી પણ આવવા માંડયાં. હાળી પ્રથાનું કૌટુંબિક સ્વરૂપ (પહેલાં દૂબળા કુટુંબના સભ્ય જેવા હતા) બદલાયું. આ બધું વ્યાપારીકરણને લઈને થયું. હાળી પ્રથાને તોડવા માટે સરકારી પ્રયત્નો અહીં ખાસ દેખાતા નથી. જો કે ગાયકવાડે કાયદો તો કરેલો કે હાળી ન રાખવા. સમાજ સેવકોએ પણ કંઈ નથી કર્યું. બંને ગામમાં જમીન માલીકોથી જ પરિવર્તન શરૂ થયું છે.

દૂબળા :
-----

એમની ખેતીમાં સામેલગીરી વધુ છે: (ચીખલી ગામમાં ૪૦ ટકા, અહીં ૭૦ ટકા ખેતી પર આધાર રાખે છે.

૧. ખેતમજૂર ઘણા, ઉપરનામાંથી ૭૦ ટકા જેટલા એ બધા અનાવિલોને ત્યાં કામ કરે.

૨. હાળી થવા માટે ઘણી નાની વયથી પણ હવે ગોવાળિયામાંથી હાળી નથી થતા. ઢોર ઓછાં થયાં છે. હવે આખા ગામનો એક ગોવાળિયો રાખે.

૩. લગ્નમાંથી દેવું શરૂ થાય.

૪. મજૂરીનો કરાર જીવન પર્યન્ત નથી. અનાવિલો કહે કે દૂબળા વફાદાર નથી. દૂબળા હમેશ માટે કામ કરે પણ એમ ન કહે કે અમે હમેશના મજૂર છીએ.

૫. હવે કરારથી જ મજૂરી મળે.

સવારે ૭ વાગેથી સાંજના ૭ વાગ્યા સુધી કામ કરવાનું, માત્ર ખેતીનું કામ કરવાનું, એને જ કામ કરવાનું, એનાં છોકરાં બૈરી જમીન માલીકને ત્યાં કામ ન કરે. કેટલાકે મજૂરીમાં આઠ આનાનો વધારો કર્યો છે. વર્ષ આખરે કંઈક આપે : કપડાં, લાકડાં વગેરે, રોજ તમાકુ પણ આપે. પણ દૂબળા કહે જૂના જોડા-કપડાં આપે છે. કામ ન કરે તે દિવસની ખાવટી ન મળે. ઘણી આજીજી પછી ચોમાસામાં આપે.



ગામમાં ઘનિષ્ઠ ખેતી છે. એટલે કાયમી મજૂર રાખવા પડે છે. વળી ભાડેલા કામ ન કરવા માગે એટલે દૂબળા જોઈએ જ. દૂબળા પોતાનાં સગાંને પણ જો ઈએ ત્યારે મજૂરીએ લાવે. દૂબળો મજૂર નાસે ખરો એટલે અનાવિલ જમીન માલિક દેવું ઓછામાં ઓછું રાખે. વાડીમાં નથી રહેતા એટલે દૂબળાઓ ઉપર એક દબાણ ઓછું થયું. અનાવિલો એમને પોતાની ગાય ભેંસ પોસવા આપે, એટલે દૂબળો મજૂર તરીકે ટકી તો રહે છે.

એમની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી. વાસણો ઓછાં, કોથળા પર સૂએ, અર્ધા પાણે જ વંટી, બીજા વિશ્વયુદ્ધ પછી પણ સ્થિતિ સુધરી નથી. ખૂંટી સિવાય કોઈ ફર્નિચર નથી. રાંધવામાં તેલનું નામ ન વાપરે. ચોમાસામાં તો લડકું પીને રહે. દુકાનવાળા ઉધાર પણ ન આપે. માંદગી તો ચાલુ જ. 'મનુષ્યોથી નિમ્ન જીવન સ્તર' એમનો છે.

દૂબળા વસ્તીનો વધારો એ જ ગરીબીનું એક વધુ કારણ છે. કેટલાક દાડિયા થયા છે. કેટલાક માલીકો સાથે બંધાઈ જઈને કામ કરે છે. દૂબળાને બહાર કંઈ નોકરી કે કામ મળતાં નથી. ભણેલા પણ નહીં. છતાં તે બહાર જાય તે અનાવિલોને ગમતું નથી. દૂબળો પોતે તાબેદાર છે એ એને વારંવાર સાંભળ્યા કરે છે.

અનાવલા પહેલાં મજૂર જેવા હવે સદગૃહસ્થ ખેડૂત. ૧૭ ઘરમાં ૪૭ નોકરો છે. કેટલાક ગરીબ તેને ત્યાં ઘર સારાં નહીં, ભાઈઓ પરણાવવાના પણ રહી ગયા હોય. આવા ગરીબ અનાવલા પૈસાવાળા જ્ઞાતીલાને ન ગમે. (ચીખલી ગામમાં ઘણા બહાર, ગણદેવી ગામમાં મુખ્ય આધાર ખેતી. તેમાં દેખરેખ જ રાખે. તેવો જ પાક લે. (ચીકુની ખેતી પણ તેથી જ શરૂ થઈ.) દૂબળા સાથે એમાંથી સંબંધ બદલાયા. આપસમાં પણ ઔપચારિક સંબંધ જ રહે. સગાં વહાલાં ન આવે, એક બીજાને (આપસમાં) ઉતારી પાડે. (ખેતીને લઈને દેસાઈઓ એમને નીચા ગણે.)

અનાવિલો શહેરીપણું મોડું મોડું બતાવવા લાગ્યા, (જમીનની કિંમત વધી એટલે છોડે નહીં). છોકરાઓ તો શહેર જ શોધે. (થોડાં વ્યક્તિગત કારણોથી મોભો વધ્યો ખરો.) શિક્ષણ આવક, બીન ખેતી ધંધો કે નોકરી આને લઈને દરજ્જો ઊંચો થયો છે. અનાવિલો જમીન છોડતા નથી. છોડશે પણ નહીં. આવક હજી ય વધવાની છે. પણ હાથે કોઈ ખેતી કરવા માગતું નથી. વળી ગામ પણ રહેવા લાયક થઈ ગયાં છે. વળી કેટલાક માસ્તરગીરી કરે જેથી ખેતી જોવાય ને જાત મહેનત ન કરવી પડે.

અનાવિલ-દૂબળા સંબંધ :
-----------------

એની સ્ત્રી અનાવિલોના

૧. દૂબળો હજી નોકર જેવો, હુકમનો તાબેદાર. લગ્નમાં વરઘોડું ઘર, ગોરમટી લાવે.
ખેતમજૂર કેવો હાથ નીચેનો છે તે આ ઉદાહરણથી સમજાય છે.

૨. હાળી પ્રથા નાબૂદ થયા છતાં દૂબળો હજી ય તાબેદારી કરે.

૩. પોતાના માલીકના લોભ અને અહંકારની વાત કરતાં દૂબળા થાકે નહીં.

૪. અનાવિલો કહે કે દૂબળા અપ્રમાણિક, આળસુ, અવિશ્વસનીય અને ગુંડા જેવા બની ગયા છે, ચોરી કરે એમ પણ કહે.

- ૬ -

૫. છતાં લગભગ બધા એવું માને કે કુદરતી રીતે જ આપધાડ અને આમાન્યા રહે એવા સંબંધ બને જ્ઞાતિ વચ્ચે હોવા જોઈએ. ખેતમજૂર તરફ સદ્ભાવ પણ હોવો જોઈએ.

૬. ગામનાં દૂબળાને છોડી બહારનાને પણ કામ આપે જેથી ગામના દૂબળા અનાવિલોના કહ્યામાં રહે.

૭. દૂબળાઓ એક જગ્યાએ સાવ હવે રહે છે એટલે બધા સંપ કરે, અનાવલાને ભારે પડે.

૮. કોઈ દૂબળાની અનાવલા સાવ લડાઈ પણ થઈ જાય.

૯. વળી હડતાલ પણ કરે. છતાં વર્ગભાન નથી થયું. એઓ સંગઠિત પણ નથી થયા. સરકાર, રાજકીય પક્ષો પણ એમને આમાં મદદ નથી કરતા.

૧૦. સમાશ્રયવાળી લાક્ષણિકતા નથી રહી.

૧૧. શક્તિહીનતા અને ગરીબી આવતી જાય છે. આજે દૂબળાઓમાં અનાવલા પ્રત્યે ઘૃણા છે.

...





- ઠાકોરભાઈ નાયક

## પુસ્તકનું પદ્ધતિશાસ્ત્ર અને બીજી વીગતો

### ઉપકલ્પનાનું નિર્માણ :

સમાશ્રય અને શોષણ તથા એવાં સમાજશાસ્ત્રીય પુસ્તક તૈયાર કરવા માટે ઘણી તૈયારીઓ કરવી પડે છે, આવશ્યક વીગતો પ્રચૂર પ્રમાણમાં એકઠી કરવાની હોય છે તથા બીજી ઘણી તકનીકી કાળજી રાખવી પડે છે. આવાં સંશોધનો કરવા માટે સૌ પ્રથમ કોઈ સમસ્યા શોધવી પડે છે. લેખક માલિક અને ખેતમજૂર વચ્ચેના સંબંધો ઉપર કંઈક કરવા માગતા હતા. પણ આ તો ભૌગોલિક વિસ્તારમાં અને વિષયના અભ્યાસમાં ઘણો વિશાળ પ્રશ્ન થઈ જાય એટલે એનો ઝકલાય એટલો સીમિત કરવો પડે. ઈયાન ક્રિમને દક્ષિણ ગુજરાતના જમીનમાલિકો અને ખેતમજૂરો વિષે સંશોધન કરવાનું વિચાર્યું. છતાં ય આમાં અસ્પષ્ટતા રહી જાય. દક્ષિણ ગુજરાતમાં ક્યાં કામ કરવું ? જમીનમાલિકો અને ખેતમજૂરો તો અનેક જાતના હોય, તો એમાંથી કોના સંબંધની તપાસ કરવી ? વળી આ બે પક્ષ વચ્ચે તો વિવિધ સંબંધો હોય તો એમાંથી કયા સંબંધની તપાસ કરવી ?

લેખક ભારત આવી (વડોદરામાં) વિશેષજ્ઞ વ્યક્તિઓને મળે છે તથા દક્ષિણ ગુજરાતના (ત્યારના) સુરત જિલ્લામાં એક વિહંગમ દ્રષ્ટિએ ઉપરોક્ત સમસ્યાને જોઈ ચર્ચા આવે છે. (આ સમયને એ 'દિશા શોધનો સમય' કહે છે.) આ ચર્ચા અને ક્ષેત્ર નિરીક્ષણમાંથી એને અનાવિલો અને દૂબળા (હળપતિઓ) વચ્ચેનો જમીનમાલિક અને ખેતમજૂર સંબંધોમાં જાણવાનું મળે છે કે એમની વચ્ચેના જે ખાસ સંબંધો છે (હાળી પ્રથા જ્યાંથી ઉત્પન્ન થઈ હતી) તેને માટે ત્રણ સંજોગો જવાબદાર છે.

- જમીનમાલિકોની જમીનમાં જે પાક ઉત્પન્ન થાય છે તેની તરાહ પાક હોય એવા હોય કે મજૂર થોડા વખત માટે જોઈએ તો જમીનમાલિક કાયમી મજૂર ન રાખે. જ્યાં વર્ષભર મજૂરો જોઈતા હોય તો કાયમી ખેતમજૂર પ્રથા નિર્મિત થાય છે.

- સંબંધિત વિસ્તારની ભૌગોલિક અલગતા. જો બસ-ટ્રેનથી શહેરોમાં જલદી અને સહેલાઈથી પહોંચાતું હોય તો ગામના મજૂરોને બહારનાં શહેરોમાં મજૂરીએ જવાનું ફાવે. વિસ્તાર અલગ હોય તો માલિક મજૂરના પરંપરાગત સંબંધો ટકી રહે.

- વિસ્તારની રાજનૈતિક પાર્શ્વભૂમિ. મહાત્મા ગાંધીજીની અસર નીચે કેટલાક વિસ્તારો જલદી આવ્યા હતા. ત્યાં માલિક-મજૂર સંબંધોમાં જલદી પરિવર્તન આવ્યું. જ્યાં રાજનૈતિક જાગૃતિ ન હતી ત્યાં પરંપરાગત સંબંધો થોડોક વધાર સમય ટકી રહ્યા. આને આપણે ઉપકલ્પનાનું નિર્માણ કહીશું.

આના ઉપરથી લેખક બે વાતનો જવાબ શોધવાનો નિશ્ચય કરે છે. (૧) હાળીપ્રથાની નાબૂદી કોને આભારી છે ? (૨) હાળીપ્રથા નાબૂદ થયા પછી જમીનમાલિક-ખેતમજૂરો વચ્ચે કેવી જાતના આર્થિક-સામાજિક સંબંધો સ્થાપિત થયા ? (વિદ્યાર્થીનું ધ્યાન આ વાત પર જવું આવશ્યક છે કે સંશોધનનો પ્રશ્ન ખૂબ સિમિત કરવામાં આવે છે અને તેને માટે ઘણી સોદ્દેશ્ય જહેમત લેવામાં આવે છે.)

પૂર્વતૈયારી :
---------

પૂર્વ તૈયારી વિષે બીજી બે વાત કહેવી જોઈએ. બ્રેમન લખે છે કે 'જમીનમાલિક અને મજૂરોના વર્તમાન સંબંધો તપાસવા માટે મારે એમના ભૂતકાળમાં પણ જવું પડ્યું હતું.' વળી આ પ્રશ્નને એક વિશાળ ભૂમિકામાં સમજવા માટે એમણે આખા ભારતના કૃષિ સંબંધોનો વિકાસ કેમ થયો તેનો પણ અભ્યાસ એમને જરૂરી લાગ્યો. લેખકે લંડનની ઘણી બધી લાયબ્રેરીઓમાં પ્રકાશિત અને અપ્રકાશિત પુસ્તકોનું અધ્યયન કર્યું. ત્યારે એમને આ બંને વાતો વિષે પ્રકાશ મળ્યો. (વિદ્યાર્થીઓનું ધ્યાન આ વાત પર જાય : લીધેલા પ્રશ્નની ઐતિહાસિક તથા સમાજશાસ્ત્રીય ભૂમિકા સમજવી જ જોઈએ. ગ્રંથાલયનો ઉપયોગ કરવાની ટેવ પાડવી જ જોઈએ.)

ગુજરાતમાં કામ કરવાનું હતું એટલે લેખક કુમારી એચ.એમ. લેમ્બર્ટ (જેઓ લંડનની સ્કૂલ ઑફ ઓરીયેંટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝમાં કામ કરતાં હતાં.) પાસે ગુજરાતી શીખ્યા. 'જેથી કરીને જે સમાજમાં મારે કામ કરવાનું હતું ત્યાં હું ઓછો અજાણ્યો ગણાઉં, અને જેથી મને વીગતો મેળવવાનું સરળ બને.' (વિદ્યાર્થી આ વાત પણ ધ્યાનમાં લે : જ્યાં કામ કરવાનું હોય ત્યાંની ભાષા-બોલી આવડવી જોઈએ, કામચલાઉ જ્ઞાન હોય તો વાંધો નહીં.)

તુલનાત્મક અભ્યાસ :
-------------

લેખક બે ગામ પસંદ કરે છે. ચીખલી ગામ અને ગણદેવી ગામ. અને ત્યાં વારાફરતી મુકામ કરે છે. બંને ગામો અનાવિલોનાં ખરાં, પણ બંનેમાં થોડો થોડો ફેર (ચીખલી ગામ દેસાઈઓનું, ગણદેવી ગામ ભાઠેલાઓનું. ચીખલી ગામથી દૂબળાઓ મુંબઈ તરફ વહેલા ગયેલા, ગણદેવી ગામથી બહુ પાછળથી. ચીખલી ગામમાં અનાવિલોનું ભણતર વધુ, નોકરીવાળા ઘણા, ગણદેવી ગામમાં ભણતર ઓછું ને પાછળથી આવ્યું તેથી નોકરીવાળા પણ પ્રમાણમાં ઓછા, ઈત્યાદિ.) આમ આખો અભ્યાસ તુલનાત્મક છે. એક જ ગામનો અભ્યાસ વધુમાં વધુ વર્ણનાત્મક થાય, આ અભ્યાસ બે ગામનો છે તેથી એ વિશ્લેષણાત્મક અને તુલનાત્મક હોઈ ખરેખર સમાજશાસ્ત્રીય થયો છે.

નિરીક્ષણ :
-------

બંને ગામમાં ત્રણ ત્રણ મહિના રહી એ લોકો સાથે હળેમળે છે, એમની ભાષા બોલે છે, એમની સાથે ઉઠેબેસે, ખાયપીએ છે, અને નીરિક્ષણ તથા ચર્ચા દ્વારા વીગતો મળવે છે. આને ક્ષેત્રકાર્ય કહેવાય. સમય થોડો હોવાથી સહભાગી નીરિક્ષણ બહુ થઈ શક્યું નથી એમ લેખક કહે છે. એથી નીરિક્ષણ કરતાં મુલાકાત ઉપર એ વધુ ભાર મૂકે છે અને મુલાકાત દ્વારા ઘણી વીગતો મેળવે છે



મુલાકાત :
--------

(ઘણા અનાવિલોએ કહ્યું તમે દૂબળાઓ સાથે શા માટે વાતચીત કરો છો ? તમને જોઈએ તે માહિતી અમે આપીશું. સાચા સમાજશાસ્ત્રીની પેઠે લેખક કોઈની વાતને સાચી માને નહીં. એ તો સંબંધિત પક્ષોને જાતે જુએ પરખે, એમણે અનાવિલો, દૂબળા, સમાજ સેવકો, અધિકારીઓ, સહકારી કાર્યકર્તાઓ, રાજકીય કાર્યકરો ઈ. સૌ 'લાગતાવળગતા'ની પાસેથી મુલાકાત પદ્ધતિ દ્વારા વીગતો મેળવે છે. ×

પ્રશ્નાવલિનો ઉપયોગ નથી :
--------------------

લેખક પ્રશ્નાવલિનો ઉપયોગ કરતા નથી. દૂબળા ભણેલા નથી એટલે પ્રશ્નાવલિ ભરી ના શકે. અનાવિલો સાચા જવાબ ન આપે. તેથી આની જરૂર લેખકને ન લાગી. વળી બધી બાબતોની માત્રાત્મકતા કે સંખ્યાત્મકતા પણ લેખક નથી આપતા. વાતોનો, પ્રક્રિયાનો ઝોક કઈ તરફ છે એટલું જ બતાવવાનો એમનો આશય હોઈ ચોકકસ આંકડાની જરૂર રહેતી નથી. (વિદ્યાર્થી એક કાળજી રાખે : જેટલું જોઈતું હોય, જેવું જોઈતું હોય તેવી જ રીતની વીગતો ભેગી કરવી. વધુ નહીં, ઓછી નહીં.)

ક્ષેત્રકાર્યની મુશ્કેલીઓ :
--------------

વીગતો ભેગી કરવામાં લેખકને મુશ્કેલી પણ પડી. દૂબળાઓ શંકા કરે કે ધણિયામાની વાત એમને કરીશું તો ધણિયામો ખીજવાશે. અનાવિલો લેખકને દૂબળાનો પક્ષપાતી ગણે. જો કે આ દૂબળા અનાવિલોના ઝઘડામાં પડતા નહીં. (કદાચ પ્રસંગ આવે તો ગરીબોનું ઉપરાણું લેતા.) બંને પક્ષની વીગતો આવે એટલે જે વધારે પડતું હોય તે તરત ખબર પડી આવે. આથી મુશ્કેલી આવી એ એમના લાભમાં જ રહી. આમ લેખકે બને તેટલી વસ્તુ નિષ્ઠાથી વીગતો મેળવી પુસ્તક રચ્યું છે.

બીજી વીગતો :
-----------

પુસ્તકના લેખનમાં મળ્યાં ત્યાંથી લોકગીતોની મદદ લઈ દૂબળા અનાવિલોનો સંબંધ ઉજાગર કરવા એમણે પ્રયત્ન કર્યો છે. મારાં એકઠાં કરેલાં દૂબળા અનાવિલ ગીતો એમણે ઠેર ઠેર મૂક્યાં છે. સંદર્ભ સાહિત્ય ખૂબ જોયું છે. શબ્દસૂચિ પણ બનાવી છે. (વિદ્યાર્થીએ લેખન કરવા માટે આ બધી વસ્તુઓ જાણવી જોઈએ ને એમાં પારંગત થઈ જવું જોઈએ.)

× અનાવિલોને એમના જમાનબારકતા, જમીનની પ્રત, પાકની તરાહ, એમના કાયમી મજૂરો, એમની દૈનિક મજૂરોની આવશ્યકતા, મજૂરોને અપાતા દર તથા બીજી વસ્તુઓ, મજૂરોના કામના કલાક, એમના ઘરના સદસ્યો બીજે ક્યાં નોકરી કરે, એમનું શિક્ષણ વગેરે વિષે પૂછ્યું. દૂબળાઓ પાસેથી એ લોકો કેવું કામ કરે છે, કેટલા કલાક કામ કરે છે, બદલામાં શું મળે છે, એમને કેટલું દેવું છે, એઓ બીજે ક્યાં કામ કરે છે, ભણેલા કેટલું છે, ઘરમાં શું શું સામાન છે વગેરે વિષે વીગતો મળવે છે.

## ૧. જાણવા જેવા શબ્દો :

આદિવાસી
ખેતજીવી પ્રજાઓ
ખેતીની અર્થવ્યવસ્થા
ખેતમજૂર
ખેતીમાં બંધક મજૂર
ખેતી વિષયક સહકારી સમિતિઓ
હાળી
અનાવિલ બ્રાહ્મણો
દૂબળા
વસવાયાં
આશ્રમશાળા
ગ્રામ સંરચના
ભાઠેલા
બ્રાહ્મણ પૂજારી
મૂડીવાદી ખેતી
જ્ઞાતિ વ્યવસ્થા
ખેતીનું વ્યાપારીકરણ
દેખીતો ઉપભોગ
દેખીતો આરામ
ઉપભોગની તરાહ
સમાશ્રય
વિસમાશ્રયીકરણ
આર્થિક પરિવર્તન
અર્થવ્યવસ્થા
મુક્તિ ચળવળ
ક્ષેત્રકાર્ય
ભોજન અને જ્ઞાતિ સ્તરીકરણ
ભૌગોલિક અલગતા
હળપતિ સેવાસંઘ
નિરક્ષરતા
અછૂત જ્ઞાતિઓ

ઔદ્યોગિકરણ
જજમાન
જજમાની પ્રથા
ગ્રામ પંચાયત
ભારતીય ગ્રામ
કાળીપરજ
ખાવટી
સંદર્ભ સમૂહ (reference group )
સમાજમાનવશાસ્ત્ર
મજૂર
જમીન
જમીનમાલિક
બજારની અર્થવ્યવસ્થા
લગ્ન
સ્થળાંતર
મોક્ષમાર્ગ
અર્થ ( Money )
રાજકીય માળખું
રાજકીય પક્ષો
વસ્તી
ગરીબી
જનોઈ દેવું, પહેરવી
ઉજળીપરજ
શહેરી નિયોજન



## ૨. જાણવા જેવાં નામો :

વ્યક્તિઓ :

યાન બ્રેમન
આઇ.પી. દેસાઇ
એમ.બી. દેસાઇ
ટી.બી. નાયક
જુગતરામ દવે
ઠક્કર બાપા
મહાત્મા ગાંધી
મોરારજી દેસાઇ
અરવિંદ દેસાઇ
વલ્લભભાઇ પટેલ
વી.એચ. જોષી
એમ. એન. શ્રીનિવાસ
ડાહ્યાભાઇ નાયક

દેશ-પ્રદેશ-સ્થળો :

હોલેંડ
વેડછી
સુરત
નવસારી
ગણદેવી
ચીખલી
વડોદરા

સંસ્થાઓ :

હળપતિ સેવા સંઘ
રાનીપરજ સેવા સંઘ

### ૩. આટલું તો વાંચશો જ :

| | | |
|---|---|---|
| સમાશ્રય અને શોષણ | : | ડાકોરભાઈ નાયક (૧૯૮૦) |
| ગુજરાતના દૂબળા | : | પી. જી. શાહ (૧૯૬૬) |
| Social Change in Modern India | : | M. N. Shrinivas (University of California19 |
| The Hindu Jajmani System | : | Wiser W.H. (Lucknow 1936) |
| The Field Worker and the Field | : | M.N.Srinivas & Others (Delhi 1979) |

### ૪. પ્રશ્નો અને આયોજના :

૧. તમે જોયેલ જમીનમાલિક-ખેતમજૂર સંબંધોની ચર્ચા કરો.

૨. સમાશ્રય અને શોષણ વિષે તમને અપાયેલ સાહિત્યની સમીક્ષા કરો.

૩. સંશોધનની પદ્ધતિઓ અને પ્રવિધિઓ વિષે વિદ્યાપીઠનો ખાસ અંક અત્યાર જ નીકળ્યો છે. તે વાંચી જાઓ. સમાશ્રય અને શોષણ- ૫ ના લેખન સાથે એની તુલના કરો.

૪. દક્ષિણ ગુજરાતનાં આવાં બે ગામોનું ક્ષેત્રકાર્ય કરો. દૂબળા, અનાવિલ સંબંધો તપાસો. લેખક કહે છે તેના કરતાં અત્યારે કંઈ ફેરફાર થયો છે ?

...